RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 37* Date: 03.12.2021 Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ગત ૨૪ કલાકમાં કોરોનાના એક્ટિવ મામલામાં ૪૪૦ની વૃદ્ધિ થઈ

નવીદિલ્હી,તા.૨

દેશમાં કોરોના સંક્રમણના મામલામાં ઉતાર ચઢાવનો ક્રમ જારી છે. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યું છે કે ગત ૨૪ કલાકમાં એક્ટિવ મામલામાં ૪૪૦ની વૃદ્ધિ થઈ છે. ત્યારે ૪૭૭ લોકોના મોત થયા છે. મંત્રાલયના અનુસાર ગત એક દિવસમાં જ્યાં ૮ હજાર ૫૪૮ લોકો સાજા થયા છે. ત્યારે ૯ હજાર ૭૬૫ નવા મામલા આવ્યા છે. મંત્રાલયના અનુસાર દેશમાં હાલમાં ૯૯ હજાર ૭૬૩ મામલા એક્ટિવ છે. ત્યારે ૩ કરોડ ૪૦ લાખ ૩૭ હજાર ૫૪ લોકો સાજા થયા છે. તો ૪ લાખ ૬૯ હજાર ૭૨૪ લોકોના મોત થયા છે. તેમજ રસીકરણની વાત કરીએ તો અત્યાર સુધી ૧ અરબ ૨૪ કરોડ ૯૬ લાખ ૧૯ હજાર ૫૧૫ ડોઝ આપવામાં આવી ચૂકી છે. જેમાંથી ૮૦ લાખ ૩૫ હજાર ૨૬૧ ડોઝ બુધવારે કરવામાં આવી છે.

દેશવ્યાપી રસીકરણની શરુઆત ૧૬ જાન્યુઆરીએ થયો અને સૌથી પહેલો તબક્કામાં કર્મીઓને કોરોના રસી લગાવવામાં આવી. તે બાદ ૨ ફેબ્રુઆરીથી ફ્ન્ટલાઈન કર્મચારીઓને રસી આપવામાં આવી. તે બાદના તબક્કામાં શરુઆત એક માર્ચથી થઈ હતી અને ૬૦ વર્ષથી વધારે ઉંમરના અને ૪૫- ૫૯ વર્ષની વચ્ચેના લોકોને રસી આપવાની પરવાનગી અપાઈ હતી. જે પહેલા કોઈ ગંભીર બિમારીથી પીડિત છે. દેશમાં એક એપ્રિલથી ૪૫ વર્ષથી વધારે ઉંમરના તમામ લોકો માટે રસીકરણ શરુ કરી દેવામાં આવ્યા હતા અને આ બાદ એક મેથી ૧૮ વર્ષથી વધારે ઉંમરના તમામ લોકોને રસી આપવામાં આવી હતી.

સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે અત્યાર સુધી જે લોકોને કોરોના સંક્રમણથી મોત થયા છે. જેમાંથી ૭૦ ટકાથી વધારે દર્દીઓ અન્ય બિમારીઓ હતી. મંત્રાલયે પોતાની વેબસાઈટ પર જણાવ્યું કે તેમના આંકડાને આઈસીએમઆરના આંકડાની સાથે ભેળવવામાં આવી રહ્યા છે.

### ગીર સોમનાથના દરિયામાં ભારે કરંટ અને પવન વચ્ચે ગત રાત્રે ૧૫ જેટલી બોટ દરિયામાં ડૂબી

## ગુજરાતમાં મિની વાવાઝોડા જેવી સ્થિતિ, સવારથી ૩૯ તાલુકામાં વરસાદ તૂટી પડ્યો

ગાંધીનગર,તા.૨

જવાદ વાવાઝોડાની મિની અસર ગુજરાતમાં દેખાઈ રહી છે. બુધવારથી જ ગુજરાતમાં તેજ પવનો ફૂંકાઈ રહ્યાં છે. ત્યારે ગુરુવારે મિની વાવાઝોડાની તોફાની અસર જોવા મળી છે. રાજયભરમાં સતત બીજા દિવસે માવઠું રહ્યું છે. આજે સવારથી ૩૯ તાલુકાઓમાં કમોસમી વરસાદ નોંધાયો છે. તો છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૯ તાલુકામાં વરસાદ થયો છે. જેમાં સૌથી વધુ બોડેલીમાં પોણા ઈંચ વરસાદ પડ્યો છે. તો છોટાઉદેપુર, તાપી, નર્મદા, સુરત, ભરૂચ, ડાંગ, આણંદ, પંચમહાલ, નવસારીમાં વરસાદ નોંધાયો છે. ગઈકાલે પણ સમગ્ર રાજયમાં વરસાદી માહોલ રહ્યો હતો. અનેક શહેરો અને જિલ્લામાં જનજીવન માવઠાના કારણે પ્રભાવિત થયુ છે. તાપમાનનો પારો પવન સાથેના વરસાદને કારણે નીચે જતા લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયું છે.

ગુજરાતના મોટાભાગના શહેરોમાં હિલ સ્ટેશન જેવો માહોલ છવાઈ ગયો છે. કમોસમી વરસાદથી ઠંડીનો પારો પણ ઉંચો ચઢ્યો છે. રાજ્યના મોટા ભાગનાં શહેરોમાં લઘુતમ તાપમાનમાં ૪ ડીગ્રી સુધીનો ઘટાડો જોવા મળ્યો છે. વાતાવરણમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. જેથી લોકો છત્રી અને સ્વેટર સાથે લઈને ઘરની બહાર નીકળવા મજબૂર બન્યા છે. યાત્રાધામ પાવાગઢ ખાતે પણ હાલ ઠંડાગાર પવન વચ્ચે હિલ સ્ટેશન જેવો માહોલ છે. અહી આવેલા શ્રદ્ધાળુઓ ઠંઠીમાં ઠુઠવાયા છે.

બીજી તરફ, ગીર સોમનાથના દરિયામાં ભારે કરંટ અને પવન વચ્ચે ગત રાત્રે ૧૫ જેટલી બોટ દરિયામાં ડૂબી હતી. આ ઘટનામાં કેટલાક ખલાસી લાપતા થયા છે. જેમને બચાવવા માટે હાલ ઉનામાં વહીવટી તંત્ર એલર્ટ બન્યુ છે. આ માટે નેવીના હેલિકોપ્ટરની પણ મદદ લેવાઈ છે. તો પ્લેન દ્વારા સતત દરિયામાં રેસ્ક્યૂ કામગીરી ચાલુ કરાઈ છે. જેમાં ૪ ખલાસીનો આબાદ બચાવ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગીર સોમનાથના નવાબંદર પર વાવાઝોડા અને વરસાદને કારણે માછીમારી માટેની પાંચ બોટમાં રહેલા ૧૪ જેટલા ખલાસી માછીમારો પૈકીના ૮ જેટલા વ્યક્તિઓના સમુદ્રમાં ગુમ થઈ જવાની ઘટના અંગે જિલ્લા કલેક્ટર સાથે વાતચીત કરી હતી. સાથે જ બચાવ રાહત માટેની તાત્કાલિક વ્યવસ્થા કરવા સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીની આ સૂચના ને પગલે કોસ્ટ ગાર્ડ સાથે સંકલન સાધીને કોસ્ટ ગાર્ડની બોટ અને બે હેલિકોપ્ટર દ્વારા બચાવ કામગીરી હાથ ધરી છે. ગુમ થયેલા માછીમારોને શોધવા અને પરત લાવવાની કાર્યવાહી યુદ્ધના ધોરણે ઉપાડવામાં આવી છે. મુખ્યમંત્રીએ મુખ્ય સચિવ પંકજ કુમારને પરિસ્થિતિ પર નજર રાખવાની પણ





સૂચનાઓ આપી છે.

પાવગઢ ખાતે રોપ વે સેવા હાલ પૂરતી બંધ કરાઈ છે. વહેલી સવારથી ભારે પવન અને વરસાદી વાતાવરણને કારણે પાવાગઢ રોપ વે સેવા બંધ કરાઈ છે. સમગ્ર પંચમહાલ જિલ્લામાં વહેલી સવારથી જ માવઠાવાળું વરસાદી વાતાવરણ જોવા મળ્યુ છે. વહેલી સવારથી પવન ફૂંકાઈ રહ્યો હોવાથી હાલ રોપ વે સેવા બંધ રાખવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા જણાવાયુ કે, પવન ઓછો થતાં જ રોપ વે શરૂ કરવામાં આવશે.

રાજયમાં ભરશિયાળે આવેલો વરસાદ ખેડૂતો માટે પાકની બરબાદી લઈને આવ્યો છે. શિયાળામાં માંડ માંડ ઉભો કરેલો ખેડૂતોનો પાક બરબાદ થયો છે. શાકભાજી, ઘઉં, કપાસ, શેરડીના પાકને નુકસાન થતા ખેડૂતો પાયમાલ થઈ શકે છે. સુરતમાં માવઠાના કારણે શેરડીની કાપણી અટકી પડતા ખેડૂતોને ભારે નુકસાન થઈ રહ્યું છે. શેરડીને કાપીના હાલ સુગર મિલમાં પહોંચાડવાની હોય છે. પરંતુ હાલ વરસાદની સ્થિતિના કારણે કાપણી અટકી પડી છે. શેરડીની સાથે કપાસના પાકને પણ માવઠાના કારણે અસર પડી રહી છે. ૪૦ હજાર એકરમાં કપાસની વાવણી કરવામાં આવી છે. જે હાલ બગડી રહ્યો હોવાથી ખેડૂતોને ૨૫ કરોડ જેટલાનું નુકસાન થઈ શકે છે.

ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદથી કેળનો પાક ઢળી પડ્યો છે. છેલ્લા બે દિવસથી જિલ્લામાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. વરસાદ સાથે મોડી રાત્રે વાવાઝોડા જેવો ભારે પવન ફૂંકાતા કેળના પાકમાં વ્યાપક અસર પહોંચી છે. જેસર ગામે વાડીમાં કેળનો પાક ભારે પવનના કારણે ઢળી પડતાં ખેડૂતને લાખોનું નુકશાન થયુ છે.

### ૨૯ દેશોમાં ઓમિક્રોનના કુલ ૩૭૩ કેસ નોંધાયા

## કોરોનાના નવા વેરીએન્ટ ઓમીક્રોનની ભારતમાં એન્ટ્રી




નવી દિલ્હી , તા.૦૨

ભારત સરકારની અગણિત સાવધાનીઓ અને તકેદારીઓ રાખવા છતાં પણ કોરોના વાયરસના નવા વેરિએન્ટ ઓમિક્રોનથી બે દર્દીઓ સંક્રમિત મળી આવ્યા છે. ભારત સરકારના સ્વાસ્થ્ય મંત્રાલયે ખુદ આ વાતની પુષ્ટિ કરી છે. આ બંને કિસ્સા કર્ણાટક રાજ્યના છે.

આરોગ્ય મંત્રાલયે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ને ટાંકીને કહ્યું છે કે કોરોનાનો ઓમિક્રોન વેરિઅન્ટ ડેલ્ટા કરતા ૫ ગણો વધુ ખતરનાક છે અને બાકીના વેરીએન્ટ કરતા વધુ ઝડપથી સંક્રમણ ફેલાઈ શકે છે. અત્યાર સુધીમાં ૨૯ દેશોમાં ઓમિક્રોન વેરિઅન્ટથી સંક્રમિત દર્દીઓની ઓળખ કરવામાં આવી છે અને ઉૐએ તેને વેરિએન્ટ ઓફ કંસર્નની કેટેગરીમાં રાખ્યો છે. આ વેરિએન્ટથી સંક્રમિત દર્દીની પ્રથમ દક્ષિણ આફ્રિકામાં ઓળખ કરવામાં આવી હતી.

દેશના જાણીતા ડૉક્ટર અને મેદાંતા હોસ્પિટલના સ્થાપક ડૉ નરેશ ત્રેહાને આ વેરિઅન્ટની ગંભીરતા વિશે જણાવ્યું છે કે કોરોનાના ઓમિક્રોન વેરિઅન્ટથી સંક્રમિત વ્યક્તિ ૧૮ થી ૨૦ લોકોને પોઝિટિવ બનાવી શકે છે. બીજી તરફ, દેશમાં કોરોનાની વર્તમાન સ્થિતિ અંગે આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે માહિતી આપી છે કે છેલ્લા એક મહિનાથી દેશમાં કોરોનાના નવા કેસ ઘટી રહ્યા છે.

તેમણે કહ્યું કે એક મહિનાથી દેશમાં કોરોનાના કેસ સતત ઘટી રહ્યાં છે. જોકે ચિંતાનો વિષય એ છે કે ૧૫ જિલ્લામાં હાલ પણ પોઝિટિવિટી રેટ ૧૦ ટકાથી વધુ છે. ૧૮ જિલ્લામાં તે ૫થી ૧૦ ટકા છે. કેરળ અને મહારાષ્ટ્રમાં જ હાલ ૧૦ હજારથી વધુ એક્ટિવ કેસ છે. દેશના ૫૫ ટકાથી વધુ કેસ અહીં જ નોંધાયા છે.

વધુમાં જણાવતા તેમણે કહ્યું કે, હવે માત્ર બે રાજ્યો મહારાષ્ટ્ર અને કેરળમાં ૧૦ હજારથી વધુ સક્રિય કેસ છે, જે દેશના કુલ સંક્રમિત કેસના ૫૫ ટકા છે. લવ અગ્રવાલે કહ્યું કે, દેશમાં લગભગ ૪૯ ટકા વસ્તીને કોરોના રસીના બન્ને ડોઝ મળી જવાને કારે કોરોના ચેપની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. કેન્દ્ર સરકારે ૧૫ ડિસેમ્બરથી શરૂ થતી આંતરરાષ્ટ્રીય ફલાઈટ્સનો નિર્ણય મોકૂફ રાખ્યો હતો.

કોરોનાના નવા વેરીએન્ટ ઓમિક્રોનના સંક્રમણને દેસમાં ફેલાતો અટકાવવા માટે કેન્દ્ર સરકારે દિલ્હીમાં ઉચ્ચ અધિકારીઓની મિટિંગ બોલાવી હતી અને બધા રાજ્યોને એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી હતી. ત્યાર બાદ મહારાષ્ટ્ર, ઝારખંડ સહિત કેટલાય રાજ્યોએ વિદેશથી આવતા ફલાઈટ પર પ્રતિબંધ લગાવવા કેન્દ્ર સરકારને અપીલ કરી હતી.

## ઓડિશાના ઘણા જિલ્લાઓમાં રેડ અલર્ટ સાથે ભારે વરસાદની ચેતવણી

,નવીદિલ્હી,તા.૨

આંધ્રપ્રદેશ અને ઓડિશામાં જવાદ વાવાઝોડાનો ખતરો સતત મંડરાઈ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ચક્રવાતી તોફાન જવાદ શનિવારે સવાર સુધીમાં આંધ્રપ્રદેશ અને ઓડિશાના તટીય વિસ્તારોમાં દસ્તક આપી શકે છે. દરમિયાન હવામાન વિભાગે ૩ ડિસેમ્બરથી ઓડિશાના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદના રેડ અલર્ટની ચેતવણી જારી કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દક્ષિણ ઓડિશાના જિલ્લાઓમાં પણ ૩ ડિસેમ્બરે ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે કહ્યું છે કે આ વાવાઝોડાને કારણે રસ્તાઓ પર પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાઈ શકે છે, રસ્તાઓ પર દશ્યતા ઘટી શકે છે અને પાકા રસ્તાઓને નુકસાન થઈ શકે છે. લોકોને બિનજરૂરી ઘરની બહાર નીકળવાનું ટાળવા માટે કહેવામાં આવ્યું છે. હવામાન અધિકારીએ જણાવ્યું હતું કે શનિવારથી ઓડિશામાં વરસાદની તીવ્રતા વધશે, કારણ કે દરિયાકાંઠાના જિલ્લાઓ અને આંતરિક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે ગજપતિ, ગંજમ, પુરી અને જગતસિંહપુર જિલ્લાઓ માટે રેડ અલર્ટ જાહેર કર્યું છે. શનિવારે કેન્દ્રપાડા, કટક, ખુર્દા, નયાગઢ, કંધમાલ, રાયગડા અને કોરાપુટ જિલ્લામાં ઓરેન્જ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગની જાણકારી અનુસાર દેશના અન્ય રાજ્યોમાં પણ વરસાદની સંભાવનાઓ રહેલી છે. દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં વરસાદ થઈ શકે છે. હિમાચલ પ્રદેશમાં બરફવર્ષા થવાથી ઠંડીમાં વધારો થયો છે. જમ્મુ-કાશ્મીર અને ઉત્તરાખંડમાં પણ બરફવર્ષા થવાની સંભાવના છે.આ વાવાઝોડાને કારણે ગુજરાતમાં, ઉત્તરી-મધ્ય મહારાષ્ટ્ર અને ઉત્તરી કોંકણમાં ભારે વરસાદ થવાની શક્યતા છે.

વર્ષ ૧૮૯૧થી ૨૦૨૦ દરમિયાન ડિસેમ્બર મહિનામાં એકવાર પણ ચક્રવાત ઓડિશાના દરિયાકિનારાને અથડાયો નથી. ૧૩૦ વર્ષ પછી પહેલીવાર ડિસેમ્બર મહિનામાં અહીં ચક્રવાત આવી રહ્યો છે. આ પહેલાં ૧૯૯૯માં સુપર સાઈક્લોન સાથે ૨૦૧૩ ફાઈલીન, ૨૦૧૪માં હૂડહૂડ, ૨૦૧૯માં ફાની, ૨૦૨૦માં અમ્ફાન પછી ઓડિશા હવે જવાદ ચક્રવાતનો સામનો કરશે.

છેલ્લાં ૧૩૦ વર્ષમાં ડિસેમ્બર મહિનામાં બંગાળ સાગરમાં કોઈ ચક્રવાત નહોતો આવ્યો, પરંતુ ભારત મહાસાગરમાં ડિસેમ્બર મહિનામાં ઘણા ચક્રવાત આવ્યા છે. ૧૯૬૪માં ડિસેમ્બર મહિનામાં દક્ષિણ આંદામાન સાગરમાં એક ચક્રવાત ઊભો થયો હતો. આ ચક્રવાતને કારણે ૨૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. ભારે વરસાદ થવાની સાથે દરિયામાં પણ ઊચી લહેર ઊઠી હતી.

## ઓમિક્રોનના પગલે સરકારે ફ્લાઇટ્સ શરૂ કરવાનો નિર્ણય મોકૂફ રાખ્યો

ન્યુદિલ્હી, તા.૦૨

ઉડ્ડયન નિયામક ડીજીસીએએ જણાવ્યું હતું કે શેડયુલ્ડ કોમર્સિયલ ઈન્ટરનેશનલ પેસેન્જર ફ્લાઇટ સર્વિસિસ ફરીથી શરુ કરવાની જાહેરાત હવે પછી કરવામાં આવશે. કોરોના વાઈરસના પગલે ૨૩ માર્ચ ૨૦૨૦થી ભારતમાં આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ પ્રતિબંધિત છે.

આ પગલું ત્યારે લેવામાં આવ્યું છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૭મી નવેમ્બરે અધિકારીઓને જણાવ્યું હતું કે ઓમિક્રોનને લગતી ચિંતાના પગલે તેઓ આંતરરાષ્ટ્રીય પ્રવાસ પર પ્રતિબંધ ઉઠાવતા પહેલા ફરીથી વિચાર કરે. ડીજીસીએએ જણાવ્યું હતું કે વિશ્વસ્તરે નવા વાઈરસના કેસોમાં નોંધપાત્ર વધારો થવાના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે અને બધા હિસ્સેદારો સાથે તેના અંગે સલાહમસલત કરવામાં આવી રહી છે.

અગાઉ ઉડ્ડયન નિયામકે ૨૬ નવેમ્બરે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ ૧૫ ડિસેમ્બરથી શરૂ કરવામાં આવશે. જો કે વડાપ્રધાન મોદીની દરમિયાનગીરીના પગલે મંત્રાલયે ૨૮મી નવેમ્બરે જ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ શરૂ કરવાના નિર્ણયની સમીક્ષા કરવામાં આવશે.સરકારે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ ૧૫ ડિસેમ્બરથી શરૂ કરવાનો નિર્ણય લીધાના સપ્તાહ પછી હવે નક્કી કર્યું છે કે કોરોનાના વેરિયન્ટ ઓમિક્રોનના વધેલા કેસોના પગલે હાલમાં આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ શરૃ નહી થાય.

## શ્રીનગરના રાજૌરી કદલમાં આતંકવાદી હુમલો, ટ્રાફિક પોલીસકર્મી શહીદ

શ્રીનગર,તા.૨

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ સતત સુરક્ષા દળો અને પોલીસ કર્મચારીઓને નિશાન બનાવી રહ્યા છે. શ્રીનગરના ડાઉનટાઉન વિસ્તાર રાજૌરી કદલમાં આતંકવાદીઓએ એક ટ્રાફિક પોલીસકર્મી પર અચાનક હુમલો કર્યો હતો. આતંકવાદીઓના ગોળીબારમાં એક ટ્રાફિક પોલીસકર્મી શહીદ થયો હતો. હુમલા બાદ સમગ્ર શહેરમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે અને શહેરમાં પ્રવેશતા તમામ રસ્તાઓ પર વિશેષ ચોકીઓ લગાવવામાં આવી છે.અત્યાર સુધી કોઈ આતંકવાદી સંગઠને હુમલાની જવાબદારી લીધી નથી.

શહીદ થયેલા ટ્રાફિક પોલીસકર્મીની ઓળખ મોહમ્મદ અબ્દુલ્લા તરીકે થઈ છે, જે રાજૌરી કદલ ખાતે પોતાની ફરજ બજાવતા હતા. આતંકવાદી હુમલામાં એક પોલીસ જવાન શહીદ થયા બાદ સમગ્ર શહેરમાં સુરક્ષા વધારવાની સાથે શહેરમાં આવવા-જવાના તમામ માર્ગો પર ખાસ નાકાબંધી કરી દેવામાં આવી છે. સુરક્ષા દળોએ વિસ્તારોને કોર્ડન કરીને હુમલાખોરોની શોધખોળ તેજ કરી દીધી છે.



## તંત્રી સ્થાનેથી...

# આજકાલ યુવાનોમાં ઓનલાઈન શોપિંગ વધુ પસંદ કરવામાં આવે છે

હવે જ્યારે અમે અમારા ઘરની આરામથી થોડીક માઉસ ક્લિક્સથી લગભગ કંઈપણ ખરીદી શકીએ છીએ, બહુ ઓછા લોકો ખરેખર ઈંટ અને મોર્ટાર સ્ટોર્સમાં સાહસ કરવાની જરૂરિયાત અનુભવે છે. એ હકીકતનો ઈનકાર કરી શકાતો નથી કે ઈન-સ્ટોર શોપિંગ કરતાં ઓનલાઈન શોપિંગ વધુ લોકપ્રિય બની છે. આ વલણમાં સકારાત્મક અને નકારાત્મક બંને પાસાઓ છે.

ઑનલાઈન શોપિંગની વિશાળ લોકપ્રિયતા એ હકીકતને આભારી છે કે તે ખરીદીને સરળ બનાવે છે. તે સમય અને પૈસા બંને બચાવે છે. ખરીદદારોને હવે વસ્તુઓ ખરીદવા માટે દુકાનો તરફ જવાની જરૂર નથી. ઉપરાંત, ઓનલાઈન સ્ટોર્સ આકર્ષક કિંમતો ઓફર કરે છે કદાચ કારણ કે તેમની પાસે ઓવરહેડ ખર્ચ ઓછો છે. આનાથી તેઓ ઊંડી છૂટવાળી કિંમતે વસ્તુઓ વેચી શકે છે. આનાથી દુકાનદારો માટે મોટા ખર્ચ લાભો થઈ શકે છે. આ ઉપરાંત, ઓનલાઈન શોપિંગ વિશ્વના કોઈપણ ભાગમાંથી વસ્તુઓ ખરીદવાનું સરળ બનાવે છે. જો કોઈ વસ્તુ તમારા દેશમાં ઉપલબ્ધ ન હોય તો પણ તમે તેને ઓનલાઈન સ્ટોર્સ પરથી ખરીદી શકો છો. ઓનલાઈન શોપિંગ તમને ખરીદી બટન દબાવતા પહેલા કિંમતોની તુલના કરવાની પણ પરવાનગી આપે છે.

ઓનલાઈન શોપિંગ માલના નિર્માણ અને પરિવહનમાં અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ કરે છે. આપેલ પ્રોડક્ટનું ઉત્પાદન કરવા માટે, જેમ કે ટેલિવિઝન, પુસ્તક અથવા મ્યુસ્લીની થેલી, તમામ તત્વોના સોર્સિંગ અને પરિવહન, તેને એસેમ્બલ કરતી ફેક્ટરીને પાવર આપવા અને પ્લાસ્ટિક પેકેજિંગ બનાવવા માટે પર્યાવરણીય ખર્ચ છે, જે પણ એક છે. પેટ્રોલિયમ આડપેદાશ. એમેઝોન જેવી મોટી કંપનીના કિસ્સામાં, ઉત્પાદન બીજા દિવસે ડિલિવરી માટે ઉપલબ્ધ થવા માટે દેશભરના વિવિધ કેન્દ્રો પર ચલાવવું અથવા મોકલવું આવશ્યક છે. સ્ટોરેજ વેરહાઉસમાંથી, તે પછી તેને ચલાવવામાં આવે છે અથવા ગ્રાહકને મોકલવામાં આવે છે જેમણે તેનો ઓર્ડર આપ્યો હતો, વધુ અશ્મિભૂત ઈંધણને બાળી નાખે છે. પર્યાવરણ પર ચોખ્ખી અસર સ્વયં દેખીતી રીતે જ મોટી છે અને આબોહવા પરિવર્તનને ઝડપી બનાવે છે. બીજી બાજુ, ઓનલાઈન શોપિંગની સરળતાએ ઘણા લોકોને ફરજિયાત ખરીદદારો બનાવી દીધા છે. આપણામાંના મોટાભાગના લોકો દરરોજ ઈન્ટરનેટ પર ઘણો સમય વિતાવે છે. અને જ્યારે આપણે ઈન્ટરનેટ પર હોઈએ છીએ, ત્યારે અમે અસંખ્ય જાહેરાતોથી બોમ્બમારો કરીએ છીએ. ફરજિયાત દુકાનદાર માટે, આ છૂટાછવાયા માટેનું એક સારું કારણ છે. ઓનલાઈન શોપિંગ આપણને એવી વસ્તુઓ ખરીદવા માટે પ્રોત્સાહિત કરે છે જેની આપણને જરૂર નથી અથવા તેનો ઉપયોગ ન કરી શકાય. આ દેવું તરફ દોરી શકે છે. ઉપરાંત, ત્યાં સુરક્ષા ચિંતાઓ છે. જ્યારે તમે ઓનલાઈન વસ્તુઓ ખરીદો છો, ત્યારે તમને હેકર્સ દ્વારા તમારી નાણાકીય માહિતીનું શોષણ થવાનું નાનું જોખમ રહે છે. અલબત્ત, સારા એન્ટિ-વાયરસ અને એન્ટિ-મૉલવેર પ્રોગ્રામ્સ મોટા પ્રમાણમાં સુરક્ષા પ્રદાન કરી શકે છે. પરંતુ લગભગ દર અઠવાડિયે, અમે મોટા ઓનલાઈન રિટેલર્સ પર ડેટા ભંગ વિશે સાંભળીએ છીએ.

ઓનલાઈન શોપિંગનું બીજું નુકસાન એ છે કે શેરી બજારોમાં વેચતા ગરીબ વેપારીઓને તેમનો વધુ માલ ફરીથી વેચવા મળતો નથી. તેમાંના મોટા ભાગની પાસે સ્માર્ટફોન નથી, અને તેથી ઈન્ટરનેટ પર તેમની સેવાઓની જાહેરાત કરી શકતા નથી, અને પરિણામે, તેમની દૈનિક કમાણી પર અસર થઈ શકે છે. ઉદાહરણ તરીકે, તાજેતરના પુરાવા સૂચવે છે કે જેઓ ઈન્ટરનેટ પર તેમની સેવાઓનું પ્રદર્શન કરે છે તેઓ ન કરતા લોકો કરતાં વધુ વેચાણ કરવામાં સક્ષમ છે, કારણ કે આ દિવસોમાં લોકો આરામને પસંદ કરે છે અને ખરીદી કરવા માટે બજારમાં જવાની મુશ્કેલીઓમાંથી પસાર થવા માંગતા નથી. .

જો કે ઓનલાઈન શોપિંગે જીવનને ઘણું સરળ બનાવ્યું છે, તેમ છતાં, મને લાગે છે કે ભૌતિક રીતે ખરીદી કરવી હજુ પણ વધુ સારી છે કારણ કે તમે જોઈ શકશો, અનુભવશો, તમારી પસંદગી કરી શકશો અને તમારા પૈસાની કિંમત પણ મેળવી શકશો.

### જાહેરનામાનો અમલ ૧૦ ડિસેમ્બર ના ૨૪.૦૦ કલાક સુધી કરવાનો રહેશે

# કોરોના મહામારીને લઈને અરવલ્લી જીલ્લા કલેકટરશ્રીએ પ્રતિબંધિત હુકમો જાહેર કર્યા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

સમગ્ર રાજ્યમાં તેમજ ભારત દેશમાં કોવિડ -૧૯ એટલ કે કોરોના વાયરસ ફેલાયેલ છે. જેને પગલે WHO દ્વારા વૈશ્વિક માહમારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નૉવેલ કોરોના વાયરસનો ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા તથા કેટલીક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. ર્જી સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તા. ૧૩ માર્ચ ૨૦૨૦ ના રોજ જાહેરનામાંથી HE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS,2020 જાહરે કરેલ છે. સમગ્ર ભારત દેશમાં કોવિડ-૧૯ ની અસરોને ધ્યાને લેતા NATIONAL DISASTER MANAGEMENT AUTHORITY ના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આમુખ-(૧) ના નોટિફિકેશનથી કોરોના સંક્રમણને રોકવા માટે અધ્યતન સૂચનાઓ આપવામાં આચેલ છે, રાજ્યમાં કોરોનાના સંક્રમણની બાબતને ધ્યાને લેતા રાજ્ય સરકાર દ્વારા ગૃહ વિભાગના તા.૬ એપ્રિલ ૨૦૨૧ તથા ૧૨ એપ્રિલ ૨૦૨૧ ના સમાનાંકી હુકમથી જરૂરી નિયંત્રણો મૂકી આવશ્યક પગલાઓ લેવામાં આવી રહ્યા છે. ભારત સરકારની ઉપર દર્શાવેલ તા.૨૯ એપ્રિલ ૨૦૨૧ની સૂચનાઓ ધ્યાને લેતા રાજ્ય સરકારે કોરોનાનું સંક્રમણ રોકવા કેટલાક વિશેષ પગલાઓ લેવાનો નિર્ણય લીધેલ છે. જેના અનુસંધાને તા. ૩૦ નવેમ્બર ૨૦૨૧ ના હુકમની સૂચનાઓ ધ્યાને લેતા તા.૧ ડિસેમ્બર ૨૦૨૧ ના બપોરના ૧૫.૦૦ કલાક થી તા.૧૦ ડિસેમ્બર ૨૦૨૧ના ૨૪.૦૦ કલાક સુધી સમગ્ર રાજ્યમાં નીચે મુજબના નિયંત્રણો મુકવાનું રાજ્ય સરકારે નક્કી કરેલ છે, જેને ધ્યાનમાં રાખીને કેટલીક સૂચનાઓ બહાર પાડવી ઉચિત જણાય છે.

જે અનુસાર ડૉ.નરેન્દ્રકુમાર મીના આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ અપેડેમિક ડીસીઝ એક્ટ-૧૮૯૭ અને ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન,૨૦૨૦ તથા ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ ની કલમ-૩૪ હેઠળ મળેલ અધિકારની રૂએ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૯ એપ્રિલ ૨૦૨૧ના હુકમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામા તા.૩૦ નવેમ્બર ૨૦૨૧ની માર્ગદર્શિકાઓ ધ્યાને લેતા અરવલ્લીના હદ વિસ્તારમાં નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

A. તમામ દુકાનો વાણિજયક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપિંગ કોમ્પ્લેક્ષ, માર્કેટિંગ યાર્ડ, હેર કટિંગ સલૂન, બ્યુટી પાર્લર, રેસ્ટોરન્ટસ, અઠવાડીક ગુજરી/બજાર/હાટ તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ ચાલુ રાખી શકાશે.

B. સિનેમા હોલ ૧૦૦% બેઠક ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે.

C. જીમ ૭૫% ક્ષમતા સાથે કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત જીૅ. ને આધીન ચાલુ રાખી શકાશે.

D. જાહેર બાગ-બગીચાઓ રાત્રીના ૧૦.૦૦ કલાક સુધી જાહેર જનતા માટે કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત S.O.P ને આધીન ખુલ્લા રાખી શકાશે.

E. આ સમયગાળા દરમ્યાન લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહત્તમ ૪૦૦ (ચારસો) વ્યક્તિઓની મંજૂરી રહેશે. લગ્ન માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણીની જોગવાઈ યથાવત રહે છે.

F. અંતિમક્રિયા/દફનવિધિ માટે મહત્તમ ૧૦૦ (એકસો) વ્યક્તિઓની મંજૂરી રહેશે.

G. તમામ પ્રકારના રાજકીય, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક, કાર્યક્રમો જેવા જાહેર સમારંભોમાં તેમજ ધાર્મિક સ્થળોમાં કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાનું શરતે નિયત S.O. ને આધીન ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યક્તિઓ પરંતુ, બંધ સ્થળોએ જગ્યાની ક્ષમતાના ૫૦%( મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં વ્યક્તિઓ એકત્રિત થઇ શકાશે.

H. ધો.૯ થી પોસ્ટ ગ્રેજયુએટ કોર્ષ સુધીના કોચિંગ સેન્ટરો/ટ્યુશન કલાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષા માટેના સેન્ટરો સ્થળની ક્ષમતાના મહત્તમ ૫૦% વિદ્યાર્થીઓ સાથે બેચવાઈઝ કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત S.O.P સાથે ચાલુ રાખી શકાશે.

I. શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સૂચનાઓને આધીન ચાલુ રાખી શકાશે.

J. શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત S.O.P સાથે ચાલુ યોજી શકાશે.

K. વાંચનાલયો ૭૫% ક્ષમતા સાથે કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત S.O.P ને આધીન ચાલુ રાખી શકાશે.

L. પબ્લિક તથા પ્રાઈવેટ બસ ટ્રાન્સપોર્ટની નોન એ.સી. બસ સેવાઓ ૧૦૦% ક્ષમતા સાથે (STANDING NOT ALLOWED) જયારે એ.સી. બસ સેવાઓ મહત્તમ ૭૫% પેસેન્જર કેપીસીટીમાં ચાલુ રહેશે. બસ ટ્રાન્સપોર્ટ સેવાઓને રાત્રી કર્ફ્યુંમાંથી મુક્તિ આપવામાં આવે છે.

M. પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ/સ્પોર્ટ્સ સ્ટેડીયમ/સંકુલમાં રમતગમત ચાલુ રાખી શકાશે.

N. ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો મહત્તમ ૬૦% કેપેસીટીમાં ચાલુ રાખી શકાશે.

O. વોટરપાર્ક તથા સ્વિમિંગ પુલ ૭૫% કેપેસીટીમાં ચાલુ રાખી શકાશે.

P. સ્પા સેન્ટરો નિયત કોરોના ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન સાથે સવારના ૦૯.૦૦ કલાકથી રાત્રીના ૦૯.૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.

Q. ઉપરોક્ત તમામ આર્થિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓ માટે વેક્સિનનો પ્રથમ ડોઝ ફરજીયાત રહેશે. જે વ્યક્તિઓના RTPCR ટેસ્ટ પોઝીટીવ આવેલ હોય, તેવા કિસ્સામાં RTPCR ટેસ્ટ પોઝીટીવ આવ્યાના ૧૪ દિવસથી/હોસ્પિટલની DISCHARGE SUMMARYની તારીખથી ૯૦ દિવસ પૂર્ણ થયા બાદ તુરંત જ વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે. પ્રથમ ડોઝ લીધાને નિયત સમય મર્યાદા પૂર્ણ થયેલ હોય તો બીજો ડોઝ પણ લીધેલ હોયે તે હિતાવહ રહેશે.

R. તમામે ફેસ કવર, માસ્ક અને સોશિયલ ડિસ્ટન્ટસીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના વિવિધ જાહેરનામાં/આદેશથી જે બાબતો પર પ્રતિબંધ મુકેલ નથી તે બાબતો આ જાહેરનામાથી પ્રતીબંધિત ગણાશે નહિ.

સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તે તેમજ હોમગાર્ડ કે સરકારી કે અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ અથવા કામગીરીમાં હોય, સરકારીશ્રી ધ્વારા જાહેર કરેલ રોજીંદા જીવન જરૂરિયાતની આવશ્યક ચીજવસ્તુઓના ધંધા/વ્યવસાયમાં સંકળાયેલા લોકો કે જેઓએ સક્ષમ સત્ત્ધીકારીશ્રીની પૂર્વ મેળવી હોય તેઓને લાગુ પડશે નહિ. આ હુકમ તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૧ ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકી-૨૦૦૫ તથા THE EPIDEMIC DISEASES ACT-1897 yLðÞu THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS,2020 ની જોગવાઇઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના પોલીસ વિભાગના કોઈપણ હેડ કોન્સ્ટેબલ કક્ષાના અને તેની ઉપરની કક્ષાના અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

# નાણામંત્રી નિર્મલા સીતારમણ દેશના સૌથી શક્તિશાળી મહિલા, બીજા નંબર પર નીતા અંબાણીનું નામ

નવીદિલ્હી,તા.૨

નાણામંત્રી નિર્મલા સીતારમણ દેશની સૌથી શક્તિશાળી મહિલા છે. જ્યારે રિલાયન્સ ફાઉન્ડેશનની સંસ્થાપક તથા ચેરપર્સન નીતા અંબાણી બીજા નંબર પર છે. ફોર્ચ્યૂન ઈન્ડિયા તરફથી જારી ભારતની ૫૦ સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં આ ખુલાસો થયો છે. આ યાદીમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની મુખ્ય વૈજ્ઞાનિક સૌમ્યા સ્વામીનાથન ત્રીજા નંબર પર છે. તો બાયોકોનની કાર્યકારી ચેરમેન કિરણ મજૂમદાર ચોથા અને ભારત બાયોટેકની સહ સંસ્થાપક તથા સંયુક્ત પ્રબંધ નિર્દેશક સુચિત્રા ઈલા પમાં નંબર પર છે.

ફોર્ચ્યૂને સીતારમણ અંગે કહ્યું કે તે માર્ચ ૨૦૨૦માં લોકડાઉન લાગૂ થયાના ૩૬ કલાકમાં પ્રેસ કોન્ફ્રેન્સ કરનારી પહેલી કેન્દ્રીય મંત્રી છે. તે સમયે પૂરો દેશ કોરોનાને પહોંચી વળવા અને અર્થવ્યવસ્થા સુધાર સંબંધી સરકારી યોજનાઓ અંગે જાણવા માંગતો હતો. તે સમયે તેમણે પોતાની નાણામંત્રીની જવાબદારી સમજી તેને સારી રીતે નિભાવી.

નીતા અંબાણી અંગે કહેવામાં આવ્યું છે કે એપ્રિલ ૨૦૨૦માં લોકડાઉન દરમિયાન રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલની મેનેજિંગ ટીમની સાથે બેસીને જાણ્યું કે ગરીબ કેટલો અસરગ્રસ્ત થશે. આ બાદ તેમણે મુંબઈમાં બીએમસીની સાથે મળીને ટીમ બનાવી જેને ૫૦ બેડની કોરોના હોસ્પિટલ બનાવવાની જવાબદારી હતી. એ બાદ તેની ક્ષમતા વધારીને ૨ ૦૦૦ બેડ કરી દેવામાં આવી. ઓક્સીજન સપ્લાય પણ વધાર્યો અને સારવાર પણ ફ્રીમાં કરી હતી.

ટોપ ૧૦માં જે મહિલાઓના નામ છે તેમાં ૬ . અરુંધતિ ભટ્ટાચાર્યા ચેરપર્સન, સેલ્સફોર્સ ઈન્ડિયા,૭. ગીતા ગોપીનાથ મુખ્ય અર્થશાસ્ત્રી, આઈએમએફ,૮. ટેસી થોમસ મહાનિર્દેશક, એયરોનોટિક્સ સિસ્ટમ્સ, ડીઆરડીઓ,૯. રેખા એમ મેનન, ચેરપર્સન, એક્સેન્ચર ઈન્ડિયા,૧૦. રેડ્ડી સિસ્ટર્સ એપોલો હોસ્પિટલ્સનો સમાવેશ થાય છે

રિપોર્ટ મુજબ રિલાયન્સ જિયો અને રિલાયન્સ રિટેલની નિર્દેશક ઈશા અંબાણી સૌથી નાની ઉંમરની સૌથી શક્તિશાળી મહિલા છે. તેમની ઉંમર ૩૦ વર્ષ છે. આ મામલામાં બાયજૂની સહ- સંસ્થાપક દિવ્યા ગોકુલનાથ (૩૫), બીજા નંબર પર છે. અભિનેત્રી પ્રિયંકા ચોપડા જોનસ(૩૯) ત્રીજા નંબર પર છે.

એમેઝોન પ્રાઈમ વીડિયો હેડ ઓફ ઈન્ડિયા ઓરિજનલ્સ અર્પણા પુરોહિત (૪૨) અને મેટ્રોપોલિસ હેલ્થકેરની પ્રવર્તક અમીરા શાહ (૪૨), ચોથી સૌથી ઓછી ઉંમરની શક્તિશાળી મહિલાઓ છે. જૂમ વીડિયો કોમ્યુનિકેશનની સીઓઓ અર્પણા બાવા(૪૩) પમાં સ્થાન પર છે.

# ખેડૂત આંદોલનથી રેલવેને લગભગ ૨૨ કરોડ ૫૮ લાખ રૂપિયાનું નુકસાન થયું છેઃ રેલવેમંત્રી

નવીદિલ્હી,તા.૨

લગભગ એક વર્ષથી ચાલી રહેલા ખેડૂતોના વિરોધને કારણે રેલવેને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. રેલવેના જુદા જુદા ઝોનમાં આ નુકસાન થયું છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી હતી. એવું કહેવામાં આવ્યું છે કે આ વર્ષે ૧ ડિસેમ્બર સુધી જે ઝોનમાં સૌથી વધુ નુકસાન થયું છે, તેમાં ઉત્તર રેલવે પ્રથમ નંબરે છે.

રેલવે તરફથી કહેવામાં આવ્યું છે કે, આ વર્ષે ઓક્ટોબર સુધીના મહિનામાં ઉત્તર રેલવેના વિસ્તારમાં વારંવાર ધરણાં-પ્રદર્શન થયા હતા. જેના કારણે રેલવેને લગભગ ૨૨ કરોડ ૫૮ લાખ રૂપિયાનું નુકસાન થયું છે. દિલ્હી, પંજાબ, હરિયાણા તાજેતરના સમયમાં ખેડૂતોના આંદોલનના સૌથી મોટા વિસ્તારો છે. આ વિસ્તારોમાં મોટી સંખ્યામાં ખેડૂતોએ વિરોધ કર્યો હતો. જેની અસર રેલ્વેની આવક પર પડી છે અને તેને મોટું નુકસાન થયું છે.

રેલ્વેએ સ્પષ્ટ કર્યું છે કે, સ્થાનિક પોલીસ અને વહીવટીતંત્ર ગુનાને રોકવા, શોધવા, નોંધવા અને તપાસ કરવા અને કાયદો જાળવવા માટે જવાબદાર છે. રેલ્વેએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧ દરમિયાન રેલ્વેને જે પણ અંદાજિત નુકસાન થયું છે તેના માટે અન્ય સંગઠનોના આંદોલન સાથે ખેડૂતોનું આંદોલન જવાબદાર છે. જેના કારણે ટ્રેનોનું સંચાલન ભારે ખોરવાઈ ગયું છે.

# નવજોત સિદ્ધુ અને સુનીલ જાખડ કોંગ્રેસ છોડવાની તૈયારીમાં હતાં : કેજરીવાલ

નવીદિલ્હી,તા.૨

આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલે પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ નવજોત સિદ્ધુને લઈને મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું હતું કે નવજોત સિદ્ધુ આપમાં જોડાવા માગતા હતા, પરંતુ હવે તેઓ નહીં આવે. કેજરીવાલે સિદ્ધુ સાથે છેલ્લી વખત વાતચીત કરી હતી એ વિશે જણાવવાનો ઈનકાર કર્યો હતો.

અન્ય એક પ્રશ્નના જવાબમાં કેજરીવાલે ફરી કહ્યું હતું કે સિદ્ધુ હજુ પણ કોંગ્રેસ છોડવા તૈયાર છે. આ નિવેદન સાથે કેજરીવાલે પંજાબમાં સિદ્ધુના આપમાં સામેલ થવાની ચર્ચા તેજ કરી દીધી છે. સિદ્ધુએ કોંગ્રેસ-અધ્યક્ષની ખુરશી છોડવાની ઘણી વખત ચેતવણી પણ આપી છે.

કોંગ્રેસમાં સિદ્ધુએ પહેલા સુનીલ જાખડ અને પછી કેપ્ટન અમરિંદર સિંહને દૂર કરી દીધા. જોકે હવે તેમનો માર્ગ મુશ્કેલ બની ગયો છે. સિદ્ધુ ૨૦૨૨ પછી પોતાને ઝસ્ના ઉમેદવાર તરીકે રજૂ કરી રહ્યા છે, પરંતુ વર્તમાન CM ચન્ની પણ દાવાથી ડરતા નથી. સિદ્ધુ કોંગ્રેસને બદલે સંગઠનથી લઈને પાર્ટી મેનિફેસ્ટોમાં પોતાનું 'પંજાબ મોડલ' રજૂ કરી રહ્યા છે.

પંજાબમાં આપના સંદર્ભમાં સૌથી વધુ ચર્ચા મુખ્યમંત્રી ચહેરાની છે. કેજરીવાલે પહેલેથી જ કહ્યું છે કે મુખ્યમંત્રી ચહેરો શીખ સમુદાયમાંથી હશે, પરંતુ તેઓ નામ જાહેર કરી રહ્યા નથી. સંગરુરના સાંસદ ભગવંત માનને લઈને પાર્ટીમાં ચર્ચા ચોક્કસ થઈ રહી છે, પરંતુ કેજરીવાલ ખૂલીને કંઈ કહેતા નથી.

ચૂંટણીની જાહેરાત થઈ ત્યારથી જ તેઓ આવું કહી રહ્યા છે. જોકે કેજરીવાલ ઘણીવાર સિદ્ધુના વખાણ કરવાનું ચૂકતા નથી. ગત વખતે પણ તેમણે સિદ્ધુ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓની પ્રશંસા કરતાં કોંગ્રેસ પર તેમને દબાવવાનો આરોપ લગાવ્યો હતો.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે અમે પંજાબમાં ટિકિટ આપતાં પહેલાં ધારાસભ્યોનો સર્વે કરાવ્યો હતો, જેમાં બે ધારાસભ્યોએ વિરોધ કર્યો હતો. અમે તેની ટિકિટ કાપી. જ્યારે તેમને ખબર પડી ત્યારે તેઓ કોંગ્રેસમાં જોડાયા હતા.

### નવું વાવાઝોડું સ્વરૂપને લઈ પ્રધાનમંત્રી મોદી એક્શન મોડમાં

# હાઈલેવલ મીટિંગ બોલાવી જેમા વડાપ્રધાનને સમગ્ર પરિસ્થિતિ અંગે બ્રીફ કરવામાં આવ્યા

નવીદિલ્હી,તા.૨

ભારતના પૂર્વ વિસ્તારમાં નવું વાવાઝોડું સ્વરૂપ લઈ રહ્યું છે, આગામી કેટલાક કલાકોમાં ઓડિશના તટ પર આ વાવાઝોડું ત્રાટકી શકે તેવી સંભાવના જોવામાં આવી રહી છે. જોકે આ વાવાઝોડું ચક્રવાતનું સ્વરૂપ લે છે કે નહીં અને કેટલી ઝડપે આવશે તેને લઈને પરિસ્થિતિ સાફ થઈ નથી. ઓડિશાના દરિયા કિનારાના જિલ્લાઓમાં રેડ અલર્ટ આપવામાં આવ્યું છે. એવામાં પ્રધાનમંત્રી મોદી પણ એક્શન મોડમાં આવ્યા છે. પ્રધાનમંત્રી મોદીએ આજે દિલ્હી ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે હાઈલેવલ મીટિંગ બોલાવી હતી જેમા તેમને સમગ્ર પરિસ્થિતિ અંગે બ્રીફ કરવામાં આવ્યા છે. વાવાઝોડાની સાથે સાથે રેસ્ક્યૂની કામગીરી કઈ રીતે થશે તેને લઈને પણ ચર્ચા કરવામાં આવી છે.

ભારતમા કેટલાક રાજ્યોમાં ડિસેમ્બરની શરૂઆતમાં વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. મુંબઈ સહિતના વિસ્તારોમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો છે ત્યાં આગામી ૪૮ કલાક કલાકમાં પ્રેશરનાં કારણે ૩ ડિસેમ્બરે આ વાવાઝોડાના રૂપમાં ત્રાટકી શકે છે. આ તોફાન ચોથી ડિસેમ્બરે ઓડિશાના તટ પર ત્રાટકી શકે છે ત્યારે તમામ જિલ્લાઓમાં અલર્ટ આપવામાં આવ્યું છે. ભારતીય મોસમ વિભાગ દ્વારા જુદા જુદા જિલ્લાઓમાં રેડ, ઓરેન્જ અને યેલો અલર્ટ આપવામાં આવ્યું છે ત્યારે ઓડિશામાં કેટલાક વિસ્તારોમાં આગામી કેટલાક દિવસો સુધી ભારે વરસાદ થઈ શકે છે. જોકે મોસમ વિભાગના કહ્યા અનુસાર આ વાવાઝોડું કેટલું સ્પીડમાં આવશે તેની આગાહી અત્યારથી કરી શકાય નહીં પરંતુ વરસાદ પડશે તેવી પૂરેપૂરી શક્યતા છે.આઈએમડીએ ગજાપતિ, ગંજમ, પૂરી અને જગતસિંહપૂરમાં રેડ અલર્ટ આપ્યું છે અને કેન્દ્રપાડા, કટક, ખુરદા, નયાગઢ, કંધમાલ, રાયગઢ અને કોરાપુટમાં વરસાદને લઈને ઓરેન્જ અલર્ટ આપ્યું છે. આ સિવાય ચાર જિલ્લાઓમાં યેલો અલર્ટ આપવામાં આવ્યું છે.

આઈએમડીનાં હાલના અનુમાન અનુસાર ચોથી ડિસેમ્બરે ૯૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે અને ૧૨ કલાક સુધી વાવાઝોડાની અસર રહી શકે છે. ૧૩ જિલ્લાના કલેક્ટરોને દિવસ રાત વાવાઝોડાના કામમાં લગાવવામાં આવ્યા છે.

# પાકિસ્તાની આતંકવાદીઓ સતત ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા છેઃડીજીપી દિલબાગ સિંહ

શ્રીનગર,તા.૨

દક્ષિણ કાશ્મીરના પુલવામામાં આજે એક એક્રાઉન્ટરમાં પાકિસ્તાની આતંકવાદી ફુરકાન અને જૈશ-એ-મોહમ્મદના આઈઈડી નિષ્ણાત યાસિરની હત્યાને મોટી સફળતા ગણાવતા, જમ્મુ અને કાશ્મીર પોલીસના મહાનિર્દેશકે દક્ષિણ કાશ્મીરમાં થઈ રહેલી આતંકવાદી ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરી છે.

ડીજીપીએ કહ્યું કે અમારા માટે ચિંતાનો વિષય છે કે કેટલાક આતંકી તત્વો હજુ પણ અહીં સક્રિય છે. જેમાં અલગ-અલગ આતંકવાદી સંગઠનોના કેટલાક જાણીતા કમાન્ડર અને પાકિસ્તાની આતંકવાદીઓ સામેલ છે. જેઓ અહીં તેમની સાથે નજીકથી કામ કરી રહ્યા છે.તેમણે કહ્યું કે આ તત્વો સતત જાનમાલને નુકસાન પહોંચાડવા અને અહીંની શાંતિને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. ડીજીપીના જણાવ્યા અનુસાર, જે રીતે તમામ સુરક્ષા એજન્સીઓ સંકલનથી અહીં કામ કરી રહી છે, તેના કારણે અહીં શાંતિનું વાતાવરણ વધુ સારું બનશે.

જયારે આતંકવાદી સંગઠનો સાથે કામ કરવા અંગે પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં, ડીજીપીએ કહ્યું કે ટીઆરએફ જે અત્યાર સુધી માત્ર એક સોશિયલ મીડિયા યુનિટ હતું પરંતુ હવે તેને આતંકવાદી સંગઠન તરીકે જાહેર કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. તેણે જણાવ્યું કે જૈશ, લશ્કર અને લશ્કરના અન્ય સંબંધીઓ આમાં કામ કરે છે. કોઈપણ સંસ્થા દ્વારા કાર્યવાહી થઈ શકે છે પરંતુ તે ટીઆરએફના ખાતામાં ઉમેરવામાં આવે છે. તેમણે વધુમાં કહ્યું કે પાકિસ્તાનની એજન્સીઓ જે રીતે ટીઆરએફ રજૂ કરી રહી છે, તે બતાવવાનો પ્રયાસ કરી રહી છે કે તેને અહીંના સ્થાનિક લોકો ચલાવી રહ્યા છે.

ડીજીપીએ કહ્યું કે સારી વાત એ છે કે આમાં સામેલ સ્થાનિક લોકોની સંખ્યા ઘણી ઓછી છે. આ સંગઠન સાથે એવા જ લોકો જોડાયેલા છે જે પાકિસ્તાનની સૂચના પર કામ કરી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ટીઆરએફ વિરુદ્ધ જે પણ કાર્યવાહી કરવામાં આવી છે તેમાં શ્રીનગર અને શ્રીનગરની બહાર ઘણા સફળ ઓપરેશન કરવામાં આવ્યા છે. આશા છે કે તેમના દરેક પ્રયાસને નિષ્ફળ બનાવવામાં સફળતા મળશે.ઉલ્લેખનીય છે કે દક્ષિણ કાશ્મીરમાં આતંકવાદીઓની સંખ્યાને લઈને ડીજીપીએ કહ્યું કે પહેલા જે આતંકવાદીઓ સક્રિય હતા તેની સંખ્યા હવે ઘણી ઓછી થઈ ગઈ છે. તેમણે કહ્યું કે આશા છે કે થોડા સમય પછી આ સંખ્યા વધુ નીચે આવશે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO/022

વિષય : પ્રકૃતિ સાથે પ્રવાસ

વિભાગ : ગદ્ય

પ્રકાર : લેખ

શીર્ષક : શિવરૂપ સાગર

ગોવામાં પ્રવેશતાં જ જોવા મળે છે ખીલેલી વનરાજી. કુદરતે ગોવાને અદ્ભુત સૌંદર્ય અર્પ્યું છે અને ગોવાએ તે જાળવી પણ રાખ્યું છે.

અહીંની લાલ માટીમાં અનેક પ્રકારની વનસ્પતિ અને વૃક્ષો ખીલે છે. ચોમાસાએ હજી હમણાં જ વિદાય લીધી છે એટલે લીલુંછમ ગોવા આંખને ઠારે છે. નાળીયેરી, સોપારી, બદામ, પીપળો અને ભાતભાતનાં વૃક્ષો સમુદ્ર તરફથી આવતા મંદ પવનમાં લહેરાતાં જોઈને મન પણ તેમની જેમ ઝૂમી ઉઠે છે.

હું કંપનીના કામથી ગયો હોવાથી આઠ દિવસના પ્રવાસમાં ફક્ત એક જ દિવસ પોતાના માટે આપી શક્યો. મને જેનું આકર્ષણ હંમેશાંથી રહ્યું છે એવા સાગરની મુલાકાત માટે. મડગાંવથી પાંચ કિલોમીટર દૂર આવેલ કોલવા બીચ પ્રવાસીઓનું આકર્ષણ કેન્દ્ર છે. રવિવાર હતો અને કોરોનાનો ભય ઓછો થવાથી ઘણાંબધાં મુલાકાતીઓ ત્યાં હાજર હતાં.

વોટરબાઈક અને બોટનો ધંધો કરનારને તડાકો પડી ગયો હતો. પાંચસો રૂપિયા ખર્ચીને મેં પણ વોટરબ:ઈકની સવારીનો આનંદ માણ્યો. ત્યારબાદ થોડે દૂર સુધી ચાલીને શાંત સ્થળે જઈને રેતી ઉપર આસન જમાવ્યું, જેથી સાગર સાથે શાંતિથી વાત થઈ શકે. ન કોઈ શોરબકોર, ન તો દરિયાકિનારે છબછબિયાં કરતાં લોકો. બસ હું અને ઘુઘવતો મારો સાગર.

કદાચ પાછલા જન્મમાં સાગરખેડૂ હોઈશ, તેથી મને સાગર ગમે છે અને તેની ઉપરથી વહેતો ખારો પવન. તે મને બીજી દુનિયામાં પહોંચાડી દે છે. દરિયા સામે બેસતાં જ તેનાં મોજાંની જેમ મારી અંદર જુદા જુદા વિચારો આવવા લાગ્યા. સિત્તેર ટકા પૃથ્વી સમુદ્રથી ઘેરાયેલી છે અને જો આ ધરા એટલી વિશાળ લાગે છે, તો સાગર કેટલો વિશાળ છે અને છતાં પણ કોઈ જાતનું અભિમાન નહીં. હંમેશાં તેના જ લયમાં ચંદ્રને ઈશારે આગળ અને પાછળ થતો રહે છે.

મેં મનોમન સાગરની તુલના શિવ સાથે કરવા માંડી. શિવ પણ સર્વવ્યાપી છે અને સાગર પણ. શિવ પણ જીવન આપે છે અને સાગર પણ. શિવ વિષ ગ્રહણ કરીને નીલકંઠ બન્યા અને સાગર પણ સારી કે નરસી દરેક વસ્તુ પોતાની અંદર સમાવી લે છે. શિવને સંપૂર્ણપણે જાણી ન શકાય અને સાગરને પણ. ન જાણે કેટલા રહસ્યો સમાવીને બેઠો છે. શિવ ત્રીજું નેત્ર ખોલે તો હાહાકાર મચી જાય અને સાગર રૂઠે તો પણ. શિવને ગંગા અને ચંદ્ર સાથે સંબંધ અને સાગરને પણ.

બે કલાકની મૌન ચર્ચાને અંતે હું ત્યાંથી ઉઠ્યો. ન તો એનાં મોજાં બંધ થવાનાં હતાં, ન તો મારા વિચારો. શિવરૂપ સાગરને પ્રણામ કરીને મેં મારી મુલાકાત ટુંકાવી.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા

---

NOG. SS. NO 0026

યાદગાર પ્રવાસ.

મસૂરી.

મૌલિક રચના.

મસૂરીની હવાઓમાં અજબનો એક રણકાર છે.
લયમાં ગાતાં સુરીલા પક્ષીઓનો ટહુકાર છે.
પહાડો પર અહીં પથરાયેલી લીલી કહું ચાદર,
એ જોઈને નયન તૃપ્તિ થયાં, આનંદ અપાર છે.
પહોડોની છે એ રાણી, હવા વહેતી તરંગોમા,
જરા જો ધ્યાનથી સૂણતાં, છૂપ્યો થડકાર છે.
હવે ક્યાં ડર અહીં ક્યાં શહેરનો ઘોંઘાટ જે પજવે?
મસૂરી એ જ હ્દયમંથન સાથે આતમનો એકાકાર છે.

અંજના ગાંધી "મૌનુ" , વડોદરા ,(હાલ: USA)

---

NOG SS NO: 0079

વિષય કુદરત સંગે

ગદ્ય: લેખ (પ્રવાસ વર્ણન)

શીર્ષક: કેદારનાથ યાત્રા

હિમાલયમાં વિરાજમાન ભવ્ય તીર્થસ્થાન બસ દ્વારા પ્રવાસનો આરંભ.
હરદ્વાર , ગંગા ઘાટ અને આરતી નિહાળી આંખો તૃપ્ત થઈ. દિમાગમાં તેની ભવ્યતા કોતરી ગાડી કેદારનાથ તરફ હંકારી.
હિમાલયની મુસાફરી એટલે રસ્તો ખરબચડો પણ ચારે તરફ કુદરતી સૌંદર્ય . દેવ પ્રયાગમાં વસિષ્ઠ ગુફાનાં પવિત્ર વાતાવરણમાં શાંતિની પળો ગુજારી. રેતીમાં ચાલી અરુંધતી ગુફાનું દર્શન કર્યું.
હિમાલયમાં પ્રવાસ એટલે કુદરત સાથે તાલ મેલ . તેની ઉદારતાનું પાન કરવાનું. તેનું સૌંદર્ય માણવાનું કેદારનાથ જવા “ફાટા”માં રોકાયા. ૧૭ કિલોમિટરનો ખડકાળ, કાદવ ગ્રસત રસ્તો મૂકી હેલિકોપ્ટર માં
જવાનું પસંદ તર્યું.

સકેદારનાથ જ્યોર્તિલિંગમાં કેદારેશ્વર શિવરૂપનું પ્રસિદ્ધ મંદીર છે. વર્ષમાં છ મહિના તે સ્થળ બરફને કારણે બંધ હોય છે. પર્વતોની મધ્યમાં બરફ આચ્છાદિત , વાદળો સંગે વાત કરતું મંદીર દિલ દિમાગ પર છવાઈ ગયું .
મંદિરમાં શિવજી, નંદી અને વીરભદ્ર બિરાજમાન છે. ત્યાં પૂજા અર્ચના થાય છે. અર્ધ શિવલિંગ મંદિરની મધ્યમાં બિરાજમાન છે.
આંખો માર્ગ સુંદર સોહામણા દ્રશ્યથી ઉભરાતો હતો. વાદળો સાથે વાત કરતા હિમાલયના બરફ આચ્છાદિત શિખરો. ધ્યાનમાં મસ્ત બની સહુને આકર્ષતો હિમાલય. પર્વતમાંથી ખળ ખળ વહેતા ઝરણા. નયનોની પ્યાસ બુઝાવતી કુદરતની નજાકત. અલકનંદાનો મધુર રવ અને તેની સુંદર નયન રમ્ય ચાલ જીગર પર છવાઈ ગયા .
જીવનમાં અનુકૂલતા એ જરૂર આ આનંદ માણશો.

પ્રવિણા કડકિઆ



આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ની પહેલ ×હર ઘર દસ્તક× અભિયાન અંતર્ગત કોવીડ -૧૯ ના વેક્સિનેશન માટે બાકી રહેલ લોકોને ઘરે ઘરે જઈને સમજાવીને વેક્સીન લેવા માટે પ્રેરિત કર્યા અને વેક્સીન લેવામાં બાકી રહેલા નાગરિકો નું રસીકરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે સરકાર ના રાજ્ય કક્ષા આરોગ્ય મંત્રી શ્રીમતી નિમિષાબેન સુથાર તથા શહેર અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ તથા મહામંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને વોર્ડ ના પ્રમુખ અને કોર્પોરેટરશ્રી ઓ હાજર રહ્યા હતા .

## 3 ડિસેમ્બર, “વિશ્વ વિકલાંગ દિવસ”

વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓને સમાન તક આપવા અને તેમના અધિકારોની અનુભૂતિ કરાવવા માટે દર વર્ષે ૩ ડિસેમ્બરે “વિશ્વ વિકલાંગ(દિવ્યાંગ) દિવસ” મનાવવામાં આવે છે. વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓનાં માનવ અધિકારો, સ્થાયી વિકાસ તેમજ વાસ્તવિક જીવનમાં સહાયતા અપાવવા માટે આ દિવસને મનાવવામાં આવે છે. આ ઉપરાંત આ દિવસો હેતુ રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનના દરેક પાસામાં વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓની પરિસ્થિતિ વિશે જાગરૂકતા વધારવાનો છે.

ક્યારેક સમાજમાં થતી આવા વ્યક્તિઓની અવગણના અને તેમના પ્રત્યે લઘુતા ગ્રંથિ રાખવામાં આવે છે જે એક સભ્ય સમાજ ધરાવતા દેશ માટે સારી બાબત ન કહેવાય વળી ક્યારેક તેમનાં પ્રત્યે વધુ પડતી દયા જતાવીને તેમને અકળાવી મારવામાં આવે છે. આવી બાબતો પર અંકુશ લગાવવા માટે આ દિવસ ખાસ મહત્ત્વ ધરાવે છે.

આજે એક યુવાન દેશ ગણાતા ભારતમાં કેટલાંય યુવાનો છે, સ્કીલ ઈન્ડીયા અને મેક ઈન ઈન્ડીયા દ્વારા સરકાર યુવાનો માટે નવી નવી રોજગારીની તકો ઉભી કરવાનો સતત પ્રયાસ કરી રહી છે પરંતુ કોણ જાણે એવું તો શું છે કે એક વિદ્યાર્થી પોતાની અણઆવડતો માટે કાયમ બીજાને દોષ આપતો રહે છે. છેલ્લે પોતાનાથી ન થયેલા કામ કે પોતે ન કરવા માંગતા કામનાં દોષનો ટોપલો ઢોળવા કોઈ ન મળે તો અંતે મારી તો કિસ્મત જ ખરાબ છે એવું કહીને પોતાનું મન મનાવતો રહે છે. તેમને હાથે કરીને સમય અને પ્રયત્નો કરવા માટેનો ચાન્સ બગાડવા પાછળ આ એક બહુ મોટું બહાનું મળી રહે છે. વળી આળસ અને કામ ન કરવાની પરાકાષ્ઠા તો કાયમની સમસ્યા રહેવાની જ. આજની યુવા પેઢી એક એવી પેઢી છે જેને ઊંઘ કરવી તો ખુબ ગમે છે પણ સમયસર સુઈ જવું નથી એવી જ રીતે તેનામાં આવડત અને ક્યાંક જ્ઞાન પણ હોય છે પરંતુ તેને સાચી દિશામાં ઈસ્તેમાલ કરવું કે કામ કરવું ગમતું નથી ત્યારે સ્ટીફન હોકિંગ, હેલન કેલર જેવા મહાનાયકો તેમજ ભારતીય મૂળનાં સુધા ચંદ્રન, એચ રામક્રિશ્ન, અરુણીમાં સિન્હા જેવી મહાન વ્યક્તિઓને કે જેમને પોતાના અંગોમાં કોઈ કોઈ તકલીફો હતી છતાં પણ તેઓએ સફળતાનાં શિખરોને સર કર્યા છે તેમના ઉદાહરણો લઈને પ્રેરણા મેળવવી જોઈએ અને જીવનમાં નાની મોટી મુશ્કેલીઓ આવે તો હિંમત ન હારવી જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીએ પણ વિકલાંગ વ્યક્તિઓને “દિવ્યાંગ” તરીકે સંબોધીને ખુબ માન સન્માન આપ્યું છે અને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારો પણ દિવ્યાંગો માટે, તેમની મદદ કરવા વિવિધ યોજનાઓ ઘડી રહ્યા છે તેમને સન્માન આપી રહ્યા છે. દિવ્યાંગ વ્યક્તિઓ સમાજનો જ એક ભાગ છે માટે તેમને કાયમ સમાન અને સન્માનની દ્રષ્ટીએ જ જોવા જોઈએ તેમજ અન્યોની સામે વર્ણવવા જોઈએ અને માણસ જ્યારે સંપૂર્ણ સ્વસ્થ સને રુષ્ટપુષ્ટ જ હોય ત્યારે એણે પોતાના કાર્યો પ્રત્યે મનથી વિકલાંગ કે પાંગળું ન જ થવું જોઈએ.

- મિત્તલ ખેતાણી

### અમદાવાદ શહેર પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ

# ’તર્કશ એપ્લિકેશન’, સ્વાગત કક્ષ તથા નવનિર્મિત આર્થિક ગુના નિવારણ શાખા અને પોલીસ કેન્ટીન બિલ્ડિંગનું ગૃહમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ

અમદાવાદ શહેર પોલીસ દ્વારા ક્રાઈમ બ્રાન્ચ ગાયકવાડ હવેલી, અમદાવાદ ખાતે અમદાવાદ શહેર પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ તર્કશ એપ્લિકેશન, સ્વાગત કક્ષ તથા નવનિર્મિત આર્થિક ગુના નિવારણ શાખા અને પોલીસ કેન્ટીન બિલ્ડિંગનું લોકાર્પણ કરતા ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાત શાંતિ,સલામતી અને સુરક્ષા માટે સમગ્ર દેશમાં અવ્વલ નંબરે છે ત્યારે અમદાવાદ શહેર પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલી ‘તર્કશ એપ્લિકેશન‘ના માધ્યમથી પોલીસ વિભાગની કામગીરી ખુબ ઝડપથી અને સરળતાથી કરી શકાશે. નાગરિકો પણ ભવિષ્યમાં પોતાને થયેલા અન્યાય અને ચોરીની ઘટના કે અન્ય ગુનાઓ માટે આ એપ પર સીધી ફરિયાદ નોંધાવી શકશે. જન સહયોગથી વિકાસની ગતિ તીવ્ર ગતિએ આગળ વધી રહી છે એમ તેમણે ઉમેર્યું હતું.



દેશ વિદેશનાં અનેક રોકાણકારોએ ગુજરાતમાં ઉધોગોમાં રોકાણ કરીને રોજગારીની અનેક તકો ઊભી કરી છે. ટેકનોલોજી આધારિત તર્કશ એપ્લિકેશનથી પોલીસ વિભાગની કામગીરીનું ભારણ ઓછું થશે અને પોલીસ જવાનોને તેમના પરિવારના સભ્યો સાથે સમય પસાર કરવાનો અવસર પણ સાંપડશે.

ગુજરાત પોલીસની કામગીરી એ સમગ્ર દેશ માટે રોલમોડેલ બને તેને સાકાર કરવામા રાજ્ય અને શહેરની પોલીસ સતત કાર્યરત છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.આ પ્રસંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે તર્કશ એપ્લિકેશનમા બંદોબસ્ત, ટ્રાફિક મેનેજમેન્ટ,લો એન્ડ ઓર્ડર, કોર્ટની કાર્યવાહીની વિગતો, ગુનેગારની વિગતો જેવી પોલીસ વિભાગ સાથે સંકળાયેલી અનેક કામગીરીની વિગતો આપવામાં આવી છે.જેનાથી પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની કામગીરી વધુ ઝડપથી અને સરળતાથી પાર પડી શકશે. ગુનેગારને ઝડપી પાડવામાં પણ આ એપ્લિકેશન ખુબ ઉપયોગી સાબિત થશે.તથા કોર્ટ સાથે સંકલન થવાથી પેપરલેસ કામગીરી થશે. દરેક નાગરિક પણ પોતાના ખોવાયેલા મોબાઈલ,સામાન,કે ચોરી થવા જેવા સમયે આ એપ્લિકેશન પર ફરિયાદની એન્ટ્રી કરી શકશે. ખરા અર્થમાં×પોલીસ પ્રજાનો મિત્ર× એ સૂત્રને અમદાવાદ શહેર પોલીસ સાર્થક કરે છે.

આ પ્રસંગે કોરોના સમય દરમિયાન ઉધોગ અને વેપાર ધંધા સાથે સંકળાયેલી અનેક નામી અનામી સંસ્થાઓ અને હોદેદારોએ પોલીસ વિભાગના સંકલનમાં રહીને મેડિકલ સારવાર તથા ભોજન અને અન્ય જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ માટે કાર્ય કર્યું હતું તેવા મહાનુભાવોનું આ પ્રસંગે મંત્રી શ્રી ના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પોલીસ મહાનિર્દેશક શ્રી આશિષ ભાટિયા, અમદાવાદના મેયર શ્રી કિરીટકુમાર પરમાર, પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

- મનીષા પ્રધાન

# ધનસુરા જવાહર નવોદય વિદ્યાલયમાં ધો.૬ માં પ્રવેશ માટે ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકશે

### અરવલ્લીના ઈચ્છુક ઉમેદવારો ધનસુરા વિદ્યાલયની વેબસાઈટ પર ૧૫ ડિસેમ્બર સુધી ફોર્મ ભરી શકશે

માહિતી બ્યુરો,મોડાસા

અરવલ્લી જીલ્લાના ધનસુરાની જવાહર નવોદય વિદ્યાલય ખાતે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ધોરણ ૬ માં પ્રવેશ માટેની પ્રક્રિયા હાલમાં શરુ કરેલ છે. જે અંતર્ગત દરેક ઈચ્છુક અને યોગ્ય ઉમેદવારો આ પ્રોટલ પર આવેદન કરી શકશે.

જેમાં પ્રવેશ પરીક્ષા આપવા માટે નવોદય વિદ્યાલય સમિતિની વેબસાઈટ www.navodaya.gov.in અથવા https://www.navodaya.gov.in/nvs/en/admission-JNVST/JNVST-class ઉપર વિનામૂલ્યે ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા ચાલુ થયેલ છે. આ પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૩૦ નવેમ્બર ૨૦૨૧ હતી જે લંબાવીને ૧૫ ડિસેમ્બર ૨૦૨૧ કરેલ છે.

અન્ય કોઈ માહિતી/માર્ગદર્શન માટે આ વિદ્યાલયનો સંપર્ક કરવાનો રહેશે. એમ ધનસુરા જવાહર નવોદય વિદ્યાલયના આચાર્યની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ‘હિંદુ ધર્મનું અપમાન : મુનવ્વર ફારુકીની સ્વતંત્રતા ?આ વિષય પર ‘ઑનલાઈન વિશેષ સંવાદ !

### હિંદુ ધર્મનું અપમાન કરનારા ના વિરોધમાં ફરિયાદ દાખલ કરો અને ન્યાયાલયીન લડત ઉપાડો ! - શ્રી. પ્રશાંત સંબરગી, ચલચિત્ર નિર્માતા

વવિધ કાર્યક્રમોમાં હિંદુ ધર્મ વિશે વિનોદ કરવામાં આવતો હોય ત?યારે એ જ સમયે આક્ષેપ લેવામાં આવતો નથી. જ્યાં સુધી દર્શક જાગૃત થતા નથી, જાગૃત હિંદુઓ આના વિરોધમાં અવાજ ઊઠાવતા નથી, ત્યાં સુધી વિવિધ કાર્યક્રમો દ્વારા ‘અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય’ના નામ હેઠળ હિંદુ ધર્મનું અપમાન થતું જ રહેશે. હિંદુઓએ હવે આગળ આવીને આના વિરોધમાં ફરિયાદ દાખલ કરીને ન?યાયાલયીન લડત ઉપાડવી જોઈએ, એવું આવાહન કર્ણાટકના પ્રસિદ્ધ ચલચિત્ર નિર્માતા અને ઉદ્યોજક શ્રી. પ્રશાંત સંબરગીએ કર્યું. હિંદુ જનજાગૃતિ સમિતિ વતી ‘હિંદુ ધર્મનું અપમાન : મુનવ્વર ફારુકીની સ્વતંત્રતા ?’ આ વિષય પર ‘ઑનલાઈન’ વિશેષ સંવાદમાં તેઓ બોલી રહ્યા હતા.

શ્રી સંબરગીએ ઉમેર્યું, ‘‘આ દેશમાં હિંદુ અને મુસલમાન માટે બે જુદી જુદી ‘અભિવ્યક્તિ સ્વતંત્રતા’ છે ! ‘વિશ્વમાં કેવળ ઈસ?લામ ધર્મ છે’ એવું કટ્ટર મુસલમાનો માને છે. વિશ?વમાં મહંમ્મદ પૈગંબર અથવા ઈસ્લામ વિશે કોઈપણ બોલે, તો તેની હત્યા કરવામાં આવે છે, ઘરો સળગાવવામાં આવે છે. હિંદુ ધર્મનું અપમાન કરવા માટે ‘બોલીવુડ’ને મોટા પ્રમાણમાં પૈસો પૂરો પાડવામાં આવે છે અને આ ચલચિત્રો દ્વારા હિંદુઓનું અને હિંદુ ધર્મનું ભૂલ ભરેલું ચિત્રણ બતાવવામાં આવે છે. આ ષડ્યંત્રના વિરોધમાં આપણે જાગૃત થઈને તેનો વિરોધ કરવો આવશ્યક છે.’

સર્વોચ્ચ ન્યાયાલયનાં ધારાશાસ્ત્રી મણિ મિત્તલે કહ્યું, ‘મુનવ્વર ફારુકી એવી સાંકળીનો હિસ્સો છે, જેનો આરંભ મકબૂલ ફિદા હુસેનથી થયો હતો. મુનવ?વર ફારુકી ‘કલાકાર’ના નામે કલંક છે. જે સનાતન ધર્મને આપણે માનીએ છીએ, તે વિશે વિનોદ કરવો, હિંદુ દેવીદેવતાઓનું અપમાન કરવું, આ કામ ‘સ્ટેંડઅપ કોમેડી’ના માધ્યમ દ્વારા કરવામાં આવે છે. આ ભૂલભરેલું છે અને તે રોકવું જોઈએ તેમજ જાગૃત થઈને તેનો વિરોધ કરવો આવશ?યક છે. આ સંવેદનશીલ વિષય છે અને આના વિરોધમાં જીતવા માટે લડવાનું છે. હિંદુ ધર્મના અપમાનના વિરોધમાં સર્વોચ્ચ ન?યાયાલયીન ભૂમિકા કડક અને સજ્જડ નથી, એવું ખેદપૂર્વક કહેવું પડે છે’.

દિલ?લી ખાતેના ઉચ્ચ ન્યાયાલયના ધારાશાસ્ત્રી યુધવીર સિંહ ચોહાણે કહ્યું, ‘તમે જે ધર્મને માનો છો તે વિશે વિનોદ કરવામાં આવે છે. હિંદુ દેવતાઓનું અપમાન કરવામાં આવે છે અને હિંદુઓ તે સહન કરી રહ્યા છે. આ લોકો હિંદુઓની સહનશીલતા તપાસી રહ્યા છે ! વિનોદના નામ હેઠળ હિંદુ ધર્મનું અપમાન કરનારાઓના વિરોધમાં ઠેકઠેકાણે ફરિયાદો દાખલ થવી આવશ્યક છે. ત?યારે ક્યાંક તો હિંદુ ધર્મનું અપમાન કરનારાઓને પાઠ ભણાવી શકાશે. લઘુમતિ ધરાવનારાઓની સુરક્ષા માટે આ દેશમાં ઘણાં કાયદા છે, પણ બહુમતિ ધરાવનારા હિંદુઓની સુરક્ષા માટે કાયદા ક્યાં છે ?’

હિંદુ જનજાગૃતિ સમિતિના પ્રવક્તા શ્રી. મોહન ગૌડાએ કહ્યું, ‘હિંદુ ધર્મનું અપમાન કર્યા પછી હજીસુધી બંધારણીય માર્ગથી હિંદુઓએ વિરોધ કર્યો છે. મુનવ્વર ફારુકી, કુનાલ કામરાએ જુદા જુદા કાર્યક્રમો દ્વારા હિંદુ ધર્મનું અપમાન કર્યું છે. હિંદુ દેવતાઓનું અપમાન કરવું, આ કઈ કળા છે ? જો ઈસ્લામનું કોઈએ અપમાન કર્યું હોત, તો દેશમાં કેવું વાતાવરણ થયું હોત ? હિંદુ દેવતાઓની ઠેકડી ઉડાડનારાઓને કઠોર શિક્ષા થાય, એ માટે ‘ઈશનિંદા વિરોધી કાયદા’ માટે અમે શાસન પાસે માગણી કરી છે.

## ચૂંટણીલક્ષી ફરિયાદો માટે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ઉપર સંપર્ક કરી શકાશે

માહિતી બ્યુરો,મોડાસા

ગુજરાતના રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયત ચૂંટણી ડિસેમ્બર-૨૦૨૧નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અરવલ્લી જીલ્લાની કુલ ૨૩૧ ગ્રામ પંચાયતો પર ચૂંટણી યોજાનાર છે. તે ગ્રામ પંચાયતનું ચૂંટણીનુ મતદાન તા ૧૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સવારના ૦૭.૦૦ વાગ્યાથી સાંજના ૦૬.૦૦ કલાક સુધી યોજાનાર છે.જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના નાગરિકોને સ્થાનિક સ્વરાજ્ય એકમોની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ અંતર્ગત ચૂંટણીલક્ષી ફરિયાદોના ત્વરિત અને અસરકારક નિવારણ માટે જીલ્લા કક્ષાનો કંટ્રોલ રૂમ ૨૪x૭ કલાક કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં નાગરિકો તેમની ચૂંટણીલક્ષી ફરિયાદોમાટે “૧૮૦૦-૨૩૩-૦૦૬૦” ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ઉપર સંપર્ક કરીને નોંધાવી શકે છે.

# અમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગુરૂવારે સ્વૈચ્છીક રક્તદાન શિબિરનું આયોજન

### રક્તદાતાઓ મહેસૂલ ભવન,ગોતા ખાતે સવારે ૯-૦૦ થી બપોરે ૨-૦૦ કલાક દરમિયાન રક્તદાન કરી શકશે.

અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીર ડીસેમ્બર, ૨૦૨૧ (ગુરુવાર)ના રોજ સ્વૈચ્છીક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. રક્તદાતાઓ અમદાવાદના ગોતા વિસ્તારમાં આવેલા મહેસૂલ ભવન ખાતે સવારે ૯-૦૦ થી બપોરના ૨-૦૦ કલાક દરમિયાન રક્તદાન કરી શકશે.

આ રક્તદાન શિબિરનું આયોજન ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની અમદાવાદ જિલ્લા શાખા અને અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે.

અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેએ રક્તદાતાઓને મોટી સંખ્યામાં રક્તદાન કરવાની અપીલ કરતાં કહ્યું છે કે,”રક્તદાન એ મહાદાન છે અને નાગરિક તરીકે રક્તદાન કરવું એ આપણા સૌની ફરજ છે.”

ન ા ય બ કલેક્ટર(અમદાવાદ પશ્ચિમ) શ્રી જે.બી. દેસાઈ રક્તદાન શિબિરના આયોજન અંગેનો ઉદ્દેશ સ્પષ્ટ કરતા કહે છે કે, “ કોરોનાના સમયમાં રક્તની જરૂરિયાતને ધ્યાનમાં રાખી આ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.” નોંધપાત્ર બાબત એ છે કે અમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિવિધ તાલુકાઓમાં પણ કોરોના સંદર્ભે સ્વૈચ્છીક અગાઉ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

### પ્લેટલેટસ્ આયુર્વેદ સારવાર પૂર્વે માત્ર ૧૫૦૦૦ હતા તે માત્ર ૧૫ દિવસની આયુર્વેદ સારવાર બાદ ૯૦૦૦૦ એ પહોંચ્યા

# આયુર્વેદનો સાક્ષાત્કારઃ જીવનના છેલ્લા કલાકો ગણી રહેલા બેભાન દર્દીને નસ્ય ચિકિત્સા મોતના મુખમાંથી બહાર લઈ આવી !



હવે તમે અરૂણભાઈને ઘરે લઈ જાવ અને સેવા કરો ! તેમના બચવાની સંભાવના નથી×... આવા શબ્દો જ્યારે તબીબો દ્વારા અરૂણભાઈના પત્ની અને તેમના પરિવારજનોને કહેવામાં આવ્યા ત્યારે સૌ સ્તબ્ધ થઈ ગયા. તેઓ ઈમરજન્સી કેરમાંથી અરૂણભાઈને ઘરે લઈ આવ્યા અને ખરેખર વિચારવા લાગ્યા કે હવે અરૂણભાઈ જીવી શકશે નહીં..પરંતુ આ તો વિધી નો ખેલ હજૂ બાકી હતો..!

અરૂણભાઈના પુત્ર આયુર્વેદિક તબીબ તરીકે અખંડાનંદ કૉલેજમાં અભ્યાસ કરે છે.તેમણે અખંડાનંદ આયુર્વેદિક કોલેજના તબીબ ડૉ. રામ શુક્લાનો સંપર્ક કરીને સમગ્ર ઘટના વર્ણવી. ડૉ. રામ શુક્લાએ પણ ક્ષણ ભરનો વિલંબ કર્યા વિના અરૂણભાઈને સારવાર અર્થે અખંડાનંદમાં લઈ આવવા કહ્યું. તેમના પરિવારજનો આયુર્વેદિક ચિકિત્સા માટે અખંડાનંદ આવી પહોચ્યા. અહીં વિવિધ સારવાર પધ્ધતિના કારણે કમળા માંથી કમળી થઈ ગયેલ અને કોમામાં રહેલ અરૂણભાઈને ૪૮ કલાક બાદ ભાન આવ્યું..એકાએક ઉઠી ને બેઠા થયા અને કહ્યું,"મારે કોલ્ડ્રીક પીવી છે...!" એક કલ્પના જેવો જણાતો આ કિસ્સો બિલકુલ સત્ય છે.

અરૂણ ભાઈ શર્માના પીડાની કહાણી વર્ષ ૨૦૧૮ સાથે જોડાયેલી છે. તેઓને ત્રણ વર્ષ પહેલા વારંવાર દાંતના દુખાવાની ફરીયાદ રહેતી.જે દુખાવો સમય જતા અસહ્ય બનતો ગયો. જેના નિયંત્રણ માટે તેઓએ પેઈન કીલર દવાઓ લેવાની શરૂ કરી. જ્યારે પણ દાતમાં દુખાવો થતો એટલે તેઓ પેઈનકિલર દવા લેતા. જેના પરિણામે તેમને ભૂખ પણ ઓછી લાગવા લાગી અને શરીરમાં નબળાઈનો અનુભવન થવા લાગ્યો. વળી તેમનું વજન પણ એકા એક ઘટવાની શરૂઆત થઈ.

આ તમામ તકલીફ વચ્ચે તેઓએ જ્યારે પ્રારંભિક સારવાર માટે તબીબનો સંપર્ક કર્યો ત્યારે ફેટી લીવર હોવાનું નિદાન થયું . પ્લેટલેટ્સ પણ ઘટવા લાગ્યા હતા. આ બધી તકલીફો વચ્ચે તેમને લીવરનું સિરોસીસ (cirrhosis of liver) છે તેવુ ડોકટરો દ્વારા નિદાન કરવામાં આવ્યુ હતુ. લીવર ટ્રાંસપ્લાન્ટ માટે દર્દી ને ૧૮ થી ૨૦ લાખ જેટલો ખર્ચ થશે તેવુ કહેવામાં આવ્યુ હતુ. જે તેમના પરિવાર માટે અશક્ય હતુ.

લીવર ફેલ્યોરની સાથે સાથે તેમને spleenomegaly એટલે કે બરોળ માં સોજો, portal vein dilatation (લીવર માં જતી લોહી ની નળી ફુલી જવી), Ascitis (પેટ માં પાણી ભરાવુ), તથા pleural effusion(ફેફસામાં પાણી ભરાવુ) વગેરે ની તકલીફ પણ શરૂ થઈ ગઈ હતી જેની સારવાર પણ શરૂ કરવામાં આવી.

આ તમામ વેદનામાંથી પસાર થઈ રહેલા અરૂણભાઈ ૬ નવેમ્બર ૨૦૨૧ ના રોજ ઘરે એકાએક બેભાન થઈ જતા સારવાર માટે હોસ્પીટલ લઈ જવામાં આવ્યા. જ્યાં તબીબો દ્વારા તમામ રીપોર્ટસની તપાસ કરતા અરૂણભાઈને કમળી થઈ હોવાનું જણાવવામાં આવ્યું. વળી તેઓ ૨ દિવસ થી પણ વધું જીવી શકે તેવી પરિસ્થિતી ન હોવાથી તેમને ઘર લઈ જઈ સેવા- શુશ્રુષા કરવા પરિવારજનોને જણાવી દેવામાં આવ્યું. જે સાંભળી તેમના પત્ની સહિતના પરિવારજનો સ્તબ્ધ અને નિરાશ થઈ ગયા. છેલ્લે અરુણભાઈને ઘરે લઈ આવ્યા.

અરૂણભાઈના પુત્ર દીપ શર્મા સરકારી અખંડાનંદ આયુર્વેદ મહાવિદ્યાલય, અમદાવાદ ખાતે પ્રથમ વર્ષ માં અભ્યાસ કરતો હોઈ આ સ્થિતિ ની ડૉ. રામ શુક્લાને જાણ કરતા, તબીબ દ્વારા અરુણભાઈને આયુર્વેદ હોસ્પિટલ લઈ આવવા કહ્યું.

વધુ વિગતો આપતા ડૉ. રામ શુક્લા જણાવે છે કે, અરૂણભાઈ હોસ્પિટલ આવ્યા ત્યારે આયુર્વેદમાં બતાવેલ નસ્ય ચિકિત્સા (નાક વાટે નાખવામાં આવતી ઔષધી) શરૂ કરવામાં આવી હતી. દર્દીને કમળીની તકલીફ હોવાથી તે બેભાન અવસ્થામાં હોવાથી અન્ય દવા આપી શકાય તેમ ન હતી.

નસ્ય ચિકિત્સા શરુ કર્યા ના ૬ કલાક બાદ અરૂણભાઈના હાથ પગના હલન-ચલનની શરૂઆત થઈ. ત્યારબાદ ૨ દિવસનાં અંતે અરૂણભાઈ ભાનમાં આવી ગયા.

ભાનમાં આવતા તેમની ચિકિત્સા આયુર્વેદની ચરક સંહિતા માં વર્ણન કરેલ કામલા રોગ (કમળો) તથા ઉદર રોગ ચિકિત્સા શરૂ કરવામાં આવી હતી.

આચાર્ય ચરકે આ સ્થિતિ માં દર્દી ને માત્ર દુધ ઉપર રાખવાની સલાહ આપી છે વિશેષ કરીને ઊંટડી નુ દુધ. છેલ્લા ૧૫ દિવસ થી અરૂણભાઈને ખોરાક માં માત્ર ઊંટડી નાં દુધ ઉપર જ રાખવામાં આવેલ છે સાથે અન્ય આયુર્વેદની દવા આપવામાં આવે છે.

તેઓના પ્લેટલેટસ્ આયુર્વેદ ની સારવાર પહેલા માત્ર ૧૫૦૦૦ રહેતા. જે પંદર દિવસ ની આયુર્વેદ ની સારવાર બાદ ૯૦,૦૦૦ સુધી પહોચ્યા છે.અરૂણભાઈને હવે ભૂખ પણ લાગવા લાગી છે તથા ચાલતા પણ થઈ ગયા છે અને સશક્ત બન્યા છે.

દર્દીને cirrhosis of liver – લીવર ફેઈલ હોવાથી આગામી ૬ મહિના થી ૧ વર્ષ સુધી આયુર્વેદની સારવાર હેઠળ રાખવામાં આવશે.

આ સમગ્ર પીડામાંથી પસાર થયા બાદ હાલની અનુભૂતિ વર્ણવતા શ્રી અરુણભાઈ શર્મા કહે છે કે, ૩ વર્ષથી લીવર સીરોસીસની બિમારીથી પીડાઈને હું મૃત્યુ ની નજીક જઈ રહ્યો હોવ તેવો અનુભવ થઈ રહ્યો હતો. પરંતુ આયુર્વેદની સારવાર લીધા બાદ મને નવજીવન મળ્યુ હોય અને હું હવે જીવી શકુ છુ તેવી લાગણી અનુભવી રહ્યો છે.મને મળેલ નવજીવન અખડાનંદ આયુર્વેદિક કૉલેજના તબીબોને સમર્પિત છે.હું રાજયના આરોગ્ય મંત્રી સહિત પ્રધાનમંત્રી શ્રી નો પણ રાજયમાં શ્રેષ્ઠત્તમ આરોગ્ય સુવિધાઓ નિઃશુલ્ક ઉપલબધ કરાવવા બદલ આભાર માનું છું.

અમિતસિંહ ચૌહાણ

# ચાણસ્મા તાલુકાની ગ્રામ પંચાયત ની ચૂંટણી સંદર્ભે ઉમેદવારીપત્રો ભરવા માટે ઉમેદવારોનો ધસારો

## ૧૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી સંદર્ભે ચારથી પાંચ ગ્રામ પંચાયત સમરસ થવાની સંભાવના વ્યક્ત કરતા અગ્રણીઓ



૧૯ મી ડિસેમ્બરના રોજ ચાણસ્મા તાલુકા ની ૧૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારો તેમના ઉમેદવારી પત્ર ભરવા માટે ચાણસ્મા તાલુકા પંચાયત અને મામલતદાર કચેરી ખાતે તેમના ટેકેદારો સાથે આવી પહોંચતા બંને કચેરીઓમાં મેળા જેવો માહોલ જામ્યો છે સવારથી જ મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત ખાતે ઉમેદવારો અને તેમના ટેકેદારો નો જમાવડો જોવા મળ્યો છે જેના કારણે સુમસામ ભાસતી કચેરીઓ લોકોના જમાવડા થી ધમધમતી જોવા મળી રહી છે ચાણસ્મા તાલુકાના ૧૩ ગામમાં ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે બીજી ડિસેમ્બરના રોજ કેસણી જીલીયા ખારીધારીયાલ રામપુરા ગ્રામ પંચાયતની ચૂંટણી માટે સરપંચ અને વોર્ડ ના સભ્યો ની ઉમેદવારી માટે તેમના ટેકેદારો સાથે ઉમેદવારીપત્રો ભરવા માટે આવ્યા હતા

પ્રથમ તબક્કાની ચાણસ્મા તાલુકાની ગ્રામ પંચાયતો પૈકી ૪ થી ૫ ગ્રામ પંચાયતો સમરસ થવાની સંભાવના વ્યક્ત કરતા અગ્રણીઓ

ચાણસ્મા તાલુકાની છ ગ્રામ પંચાયતોની ચૂંટણી આગામી ૩૦મી ડિસેમ્બરના રોજ યોજાનાર છે ત્યારે હાલમાં ગ્રામ પંચાયતની ચૂંટણી સંદર્ભે ઉમેદવારી પત્રો ભરાયા છે ત્યારે તાલુકાના અગ્રણીઓ દ્વારા ગ્રામ પંચાયતો બિન હરીફ બને દિશામાં પ્રયત્નો હાથ ધરાયા છે જેમાં છેધા જીલીયા ગલોલીવાસણા સરદારપુરા રામપુરા ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ અને સર્વ સંમતિથી બિન હરીફ ગ્રામ પંચાયત થાય દિશામાં તે દિશામાં ગામના અગ્રણીઓ ને સમજાવી હકારાત્મક પરિણામ મળે તેવા પ્રયત્નો હાથ ધરાયા હોવાનું ચાણસ્મા તાલુકાના રાજકીય અગ્રણીઓ રાજુલ પટેલ કિરણભાઈ જાની જોરાજી ઠાકોર વિક્રમજી ઠાકોરે જણાવ્યું હતું. રીપોર્ટર નિખિલ જોશી પાટણ

# એંડ્રોઇડ અને IOS ડીવાઇસ દ્વારા Indian Culture એપ ડાઉનલોડ કરી પોર્ટલની મુલાકાત લઇ શકાશે

માહિતી બ્યુરો,મોડાસા

ભારત સરકારશ્રીના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા "નેશનલ વર્ચ્યુઅલ લાઈબ્રેરી ઓફ ઈન્ડીયા" (N.V.L.T.) પ્રોજેક્ટ કે જે ભારત સરકારશ્રીના સાંસ્કૃતિક મંત્રાલયના અનુદાન ધ્વારા તૈયાર થયેલ છે અને જેને I.I.T.Bombay ની ટીમ દ્વારા ડિઝીટલી તૈયાર કરવામાં આવ્યો છે.

આ પ્રોજેક્ટના એક ભાગ રૂપે I.I.T.Bombay ધ્વારા "Indian Culture Portal" ને સફળતા પૂર્વક વિકસીત કરવામાં આવે છે અને આ પોર્ટલમાં ભારતના સાંસ્કૃતિક વારસા અને ઈતિહાસને ઉત્તમ રૂપે ઉજાગર કરવામાં આવે છે. આ પોર્ટલ ને વધુને વધુ સમૃધ્ધ કરવા માટે ઈતિહાસ, સમાજશાસ્ત્ર અને અન્ય આનુષાંગિક વિષયોના નિષ્ણાંતો ધ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

આ પોર્ટલમાં ગુજરાતના કલા, સાંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાને લગતી ઘણી જ ઉત્તમ પ્રકારની માહિતી ઉપલબ્ધ હોવા ઉપરાંત ભારતના બધા જ રાજ્યો અને પ્રાંતોના સાંસ્કૃતિક વારસાને પણ ખુબ જ ઉંડાણ પૂર્વક દર્શાવવામાં આવ્યો છે. આ સાથે જ કલા અને સાંસ્કૃતિક ઈતિહાસ સાથે સંકળયેલા લોકો તથા વિદ્યાર્થીઓને આ પોર્ટલ પરથી ઘણી જ ઉત્તમ પ્રકારની માહિતી ઉપલબ્ધ થઈ શકે માટે અરવલ્લી જીલ્લાના વધુમાં વધુ લોકો આ પોર્ટલની વિઝિટ કરે તે બાબતે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, અરવલ્લી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ પોર્ટલની માહિતી https://indianculture.gov.in આ વેબસાઈટ પર ઉપલબ્ધ છે તથા એંડ્રોઈડ અને IOS ડીવાઈસ (મોબાઈલ) દ્વારા "ndian Culture એપ ડાઉનલોડ કરી પોર્ટલની મુલાકાત લઈ શકાય છે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની બેંક ઓફ અમેરિકાના પ્રેસિડન્ટ અને ઈન્ડિયા હેડ શ્રી કાકુ નખાટે સાથે થયેલી બેઠકમાં સુશ્રી કાકુ નખાટેએ બેંક ઓફ અમેરિકાના ગુજરાત પ્રોજેક્ટ્સ વિશે મુખ્યમંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા. બેંક ઓફ અમેરિકા ગિફ્ટી સિટી કેમ્પસમાં એક લાખ ચોરસ ફૂટમાં ગ્લોબલ બિઝનેસ સર્વિસ સેન્ટર ચલાવી રહ્યું છે. તેમણે કહ્યું કે, ગિફ્ટ સિટીમાં બેંક ઓફ અમેરિકાનું કેન્દ્ર, ફિનટેક અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. અને મોટા પાયે આ સેક્ટરમાં રાજ્યના યુવાનોને રોજગાર અવસર પુરા પાડે છે. મુખ્યમંત્રીશ્રીએ શ્રી કાકુ નખાટેને ગીફ્ટ સિટીમાં વિકસાવવામાં આવી રહેલી વિવિધ સુવિધાનો લાભ લેવા પણ જણાવ્યું હતું અને વાઈબ્રન્ટ સમિટમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું.

# અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકામાં 'વિશ્વ એઈડ્સ દિવસ'ની ઉજવણી કરવામાં આવી

લિંક વર્કર સ્કીમ અને ટી.આઇ માઇગ્રન્ટ અંતર્ગત એવોર્ડ વિતરણ કરવામાં આવ્યું : એસ.ડી.એચ વિરમગામ ખાતેથી જનજાગૃતિ રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું



અમદાવાદ જિલ્લાના વિરમગામ ખાતે વિશ્વ એઈડ્સ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી. ઉત્કર્ષ ફાઉન્ડેશનના સહયોગથી જનજાગૃતિ સંદર્ભે ઉજવણી હાથ ધરાઈ હતી. તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતે લિંક વર્કર સ્કીમ અને ટી.આઇ માઇગ્રન્ટ અંતર્ગત એવોર્ડ વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ કામગીરી કરનાર ચાર લિંક વર્કર, બે સુપરવાઈઝર, તાલુકા હેલ્થ ઓફિસર અને એસ.ડી.એચ સુપ્રિટેન્ડેન્ટને એવોર્ડ આપવામાં આવ્યા હતા. એસ.ડી.એચ વિરમગામ ખાતેથી જનજાગૃતિ રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ જનજાગૃતિ રેલી વિરમગામથી સાણંદ જી.આઇ.ડી.સી સુધી પહોચી અને માર્ગમાં અનેક સ્થાનો પર જનજાગૃતિ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, એચ.આઇ.વી. એટલે હ્યુમન ઈમ્યુનો ડેફિશિયન્સી વાયરસ. તે માનવમાં રોગપ્રતિકારક શક્તિ ક્ષીણ કરતો વાયરસ છે. શરીરમાં એચઆઈવીનો ચેપ લાગતા અંદાજીત ૩ થી ૬ મહિનામાં સીડીજ કોશીકાઓની સંખ્યા ઘટતા રોગપ્રતિકારક શક્તિ નબળી પડે છે. શરીરની રોગપ્રતિકારક શક્તિ નબળી પડતા શરીર ઘણા બધા તકવાદી રોગોનો ભોગ બને છે. આ પરીસ્થીતીને એઈડસ કહેવાય છે.

### યુવતીના પરિવારજનો પર હુમલો

# અરવલ્લી : પોલીસ પરીક્ષાની તૈયારી કરતી પરણિત યુવતીને પતિની છૂટાછેડા આપી દેવાની ધમકી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

પોલીસમાં ભરતી થતા યુવકો સાથે યુવતીઓમાં પણ ભારે જોશ જોવા મળી રહ્યો છે યુવતીઓ તનતોડ મહેનત કરી પોલીસ પરીક્ષા પાસ કરી આત્મનિર્ભર બનવા શખ્ત પ્રેક્ટીસ કરી રહી છે ત્યારે અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના વડાગામમાં પરણીત યુવતીએ પોલીસ ભરતી માટે તૈયારીઓ કરતા યુવતીના પતિ સહીત સાસરિયાઓએ પોલીસ નોકરીની તૈયારીઓ છોડી દેવા દબાણ કરવા છતાં ટસની મસ ન થતા પતિએ છૂટાછેડા આપી દેવાની ધમકી આપી યુવતીને પરીક્ષાની તૈયારી માટે પ્રોત્સાહિત કરતા યુવતીના પિતા પર હુમલો કરી જાનથી મારી નાખવની ધમકી આપતા ધનસુરા પોલીસ સ્ટેશનમાં યુવતીના પિતાએ ફરિયાદ નોંધાવી છે

ધનસુરાના વડાગામમાં રહેતા સિકંદરભાઈ કાદરભાઈ મન્સૂરીએ તેમની દીકરી સહેનાઝબાનુના લગ્ન સમાજના રીતરિવાજ મુજબ થોડા મહિના અગાઉ પાડોશમાં રહેતા તૈયબહુસેન રોશનભાઈ મન્સૂરી સાથે કર્યા હતા પિતાના ઘરે રહેતી યુવતીએ પોલીસ ભરતીની પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી દરરોજ વહેલી સવારે દોડવા જતા યુવતીનો પતિ સહીત સાસરિયા વાળા ઉશ્કેરાઈ ગયા હતા અને તેના પતિ તૈયબહુસેને દોડતી અટકાવી તારે પોલીસની નોકરી કરવાની જરૂર નથી અને નોકરી કરવી હોય તો છૂટાછેડા આપી દેવાની ધમકી આપી યુવતીના પરિવાર પર હુમલો કરવાની ચેતવણી આપ્યા પછી થોડા સમયમાં યુવતીનો પતિ અને સાસરીપક્ષ વાળા યુવતીના ઘરે પહોંચી ઘર પર યુવતીના પિતા સહીત પરિવારજનો સાથે બોલાચાલી કરી ઘર પર હુમલો કરતા ભારે દેકારો મચી ગયો હતો અને યુવતીના પિતાને ગડદા પાટુનો માર મારી અને ઘરમાં તોડફોડ કરી જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપતા યુવતી અને તેના પરિવારજનો ફફડી ઉઠ્યા હતા યુવતીના પિતાએ ધનસુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી



ગુજરાતમાં લેન્ડ ગ્રેબિંગ એકટના અસરકારક અમલીકરણ માટે નામ. ગુજરાત હાઈકોર્ટે કરેલ સુચનો અન્વયે નામ. હાઈકોર્ટના લૉ ઓફિસર્સ અને મહેસૂલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે રાજ્યના મહેસુલમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીજી એ બેઠક કરી હતી..

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં બુટલેગરો સક્રિય

# મોડાસા ગ્રામ્ય પોલીસે પલ્સર પર દારૂની ખેપ મારતા બુટલેગરને બોડી નજીકથી દબોચ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ અને સભ્યપદ માટે ઉમેદવારી ફોર્મ ભરાવવાના શરૂ થઈ ગયા છે ગામના મુખિયા બનાવ મુરતિયાઓમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારો જીત મેળવવા મતદારોને રીઝવવા માટે દારૂ અને પૈસાની રેલમછેલ કરતા હોવાની નવાઈ નથી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ જાહેર થતાની સાથે બુટલેગરો સક્રિય થઈ નાના-મોટા વાહનો મારફતે વિદેશી દારૂ ઠાલવવા પ્રયત્નશીલ બન્યા છે મોડાસા રૂરલ પોલીસે બોડી ગામ નજીક પલ્સર બાઈક પર દારૂની ખેપ મારી રહેલા બુટલેગરને દબોચી લઈ ૨૦ હજારથી વધુનો દારૂ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી અણસોલ ગામના બુટલેગર કરણે રતનપુર નજીકથી વિદેશી દારૂ થેલામાં ભરી બોડી ગામે આપવા જતો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું

મોડાસા રૂરલ પીઆઈ મુકેશ તોમર અને તેમની ટીમે મેઢાસણ ગામ નજીક પ્રોહિબિશન ડ્રાઈવ અંતર્ગત પેટ્રોલિંગ હાથધર્યું હતું ત્યારે મેઢાસણ ગામ તરફથી એક બુટલેગર પલ્સર બાઈકમાં દારૂની ભરી બોડી તરફ જવાનો બાતમી મળતા પોલીસ સતર્ક બની બોડી ગામની સીમમાં નાકાબંધી કરી વોચ ગોઠવી દીધી હતી બાતમી આધારિત પલ્સર બાઈક આવતા પોલીસે બાઈક ચાલકને અટકાવી કોર્ડન કરી બાઈક પર આગળના ભાગે મુકેલ થેલામાંથી વિદેશી દારૂની ૧૧૨ બોટલ સાથે ઝડપી લીધો હતો મોડાસા રૂરલ પોલીસે બાઈક ચાલક કરણ નવીનભાઈ પારઘી (રહે,અણસોલ-ભીલોડા) ની ધરપકડ કરી ૨૦ હજારથી વધુના દારૂ સાથે રૂ,૯૦૪૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો મોડાસા રૂરલ પોલીસે રતનપુર નજીકથી દારૂ ભરી આપનાર અને બોડી ગામે દારૂ મંગાવનાર શખ્સોના નામ જાણવા બુટલેગરની સઘન પૂછપરછ હાથધરી છે

# ગુજરાતના અનેક જગ્યાએ માવઠું, ૪ જિલ્લામાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૨

અરબી સમુદ્રમાં લો પ્રેશર સર્જાતાં છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતના વાતાવરણમાં ભારે પલટો આવ્યો છે. જ રાજ્યના અનેક વિસ્તારોમાં માવઠું જોવા મળ્યું છે. ત્યારે માવઠાના કારણે કેવી છે રાજ્યની સ્થિતિ આવો જાણીએ.

ગુજરાતના વાતાવરણમાં ભારે પલટો જોવા મળ્યો છે.રાજ્યના અનેક વિસ્તારોમાં માવઠું જેવો માહોલ જોવા મળ્યો.સમગ્ર રાજ્યમાં વાદળછાયું વાતાવરણ રહેવાને કારણે હિલ સ્ટેશન જેવું વાતાવરણ રહ્યું હતું. જેને કારણે ઠંડા પવનો પણ ફૂંકાઈયા.ગાંધીનગર અને સુરત જેવાં શહેરોમાં અલમોડા અને સીમલા જેવું વાતાવરણ જોવા મળ્યું છે.સમગ્ર રાજયમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે ભેજવાળું વાતાવરણ સર્જાયું છે. રાજ્યના મોટા ભાગનાં શહેરોમાં લઘુતમ તાપમાનમાં ૪ ડીગ્રી સુધીનો ઘટાડો જોવા મળ્યો છે.

મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત સહિત સૌરાષ્ટ્રનાં કેટલાંક શહેરોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. એમાં સાબરકાંઠા સહિત અરવલ્લી, દાહોદ, મહીસાગરનો સમાવેશ થાય છે. વડોદરા, આણંદ, છોટાઉદેપુરમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, સાથે જ સૌરાષ્ટ્રનાં કેટલાંક શહેરો, જેવાં કે જૂનાગઢ, અમરેલી અને ભાવનગરમાં પણ ભારે વરસાદ વરસી શકે છે. તો આજે રાજ્યના ૪ જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરી છે, જેમાં મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લાનો સમાવેશ થાય છે.વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે હવામાન વિભાગે માછીમારોને દરિયો નહીં ખેડવા માટે સૂચના આપી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.